અંતરમેળ



કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા, મુંબઈ

જાન્યુઆરી - એપ્રીલ ૨૦૧૭ વર્ષ ૧૦ અંક ૧ પૃષ્ઠ ૧૨ રૂા. ૨/-

શહેરનું જીવન

એ એક શાંત અને આરામ આપે એવો સપ્રમાણ ખંડ હતો. માંહેનું ફર્નિચર શોભીતું અને ઊંચી રસવૃત્તિ દાખવતું હતું. ગાલીચો જાડો અને સુંવાળો હતો. સ્ફટિકના એક અગ્નિકુંડમાં અગ્નિ સળગતો હતો. દુનિયાના જુદા જુદા ભાગોમાંથી આણેલી પુરાતન ફૂલદાનીઓ પણ ત્યાં હતી અને દીવાલ પર અદ્યતન ચિત્રો તેમજ પ્રાચીન ઇટલીના નિપુણ ચિત્રકારોનાં ચિત્રો ટાંગેલાં હતાં. એ ખંડની શોભા અને સગવડ પાછળ પુષ્કળ કાળજી અને ધ્યાન આપવામાં આવ્યાં હતાં, જે પરથી સંપત્તિ અને રસવૃત્તિ જણાઇ આવતાં. એ ખંડમાંથી એક નાનો બગીચો જણાતો હતો. બગીચામાં આવેલું ઘાસ સફાઈથી કાપેલું અને સપાટ કરેલું હશે એમ જણાતું.

શહેરનું જીવન કુદરતના જીવનથી કોઇ અસાધારણ રીતે વિમુખ થયેલું હોય છે. ખીણો અને પર્વતોને સ્થાને માનવરચિત મકાનો નજરે પડે છે અને ઊછળતાં ઝરણાંને સ્થાને વ્યાપારનો ઘોંઘાટ કર્ણે પડે છે. શહેરમાં સળગતા દીવાના અતિશય પ્રકાશને કારણે માણસને તારા જોવાની ઇચ્છા હોય તોપણ રાત્રે તારાનાં દર્શન દુર્લભ હોય છે. દિવસ દરમિયાન આકાશ સંકુચિત અને જકડાયેલું રહે છે. શહેરવાસીઓના જીવનમાં કોઇ ચોક્કસ અસર અવશ્ય થવા માગે છે. તેઓ તકલાદી અને ભભકદાર હોય છે. તેઓ દેવળોના અને સંગ્રહસ્થાનોનો, પીણાંનો અને નાટયગૃહોનો સુંદર અલંકારોનો અને ભાતભાતની દુકાનોનો આનંદ અનુભવે છે. મકાનોમાં ઓરડાઓમાં રસ્તાઓ પર, સર્વત્ર લોકો ને લોકો જ નજરે પડે છે. આકાશમાં એક વાદળી પસાર થઇ જતાં કોઇ એની સામે પણ જોતું નથી. શહેરનું જીવન એટલે તડામારી અને પરિતાપ.

પણ એ ખંડમાં શાંતિ અને અખંડ ઓજસ્વિતા હતાં. ગૃહસ્થ માણસોને ત્યાં જોવામાં આવે છે એવું ત્યાંનું વાતાવરણ હતું. અતડાપણામાંથી જન્મતી સલામતી અને ખાતરીની ત્યાં ભાવના હતી તથા તંગીનો કોઇ વિક્ષેપ ત્યાં નજરે પડતો નહિ. તે કહેતો હતો કે મને પૂર્વના તેમજ પશ્ચિમના તત્ત્વજ્ઞાનમાં રસ છે અને ગ્રીક લોકો પૂર્વે કોઇ હયાત જ ન હતું એમ સમજી ગ્રીક લોકોથી શરૂઆત કરવી કેટલું મૂર્ખાઇભર્યું છે! થોડીવારમાં કેમ દાન કરવું અને કોને દાન આપવું એ પ્રશ્ન એણે ઉપાડયો. પૈસા અને એની જવાબદારીઓનો પ્રશ્ન એને કાંઇક અંશે મૂંઝવી રહ્યો હતો. એને એ પ્રશ્નરૂપ શા માટે બનાવતો હતો? કોને અને કયા ભાવે એ આવતો એ શું અગત્યની બાબત હતી? એ શા માટે પ્રશ્ન બન્યો હતો?

એની ચકોર, તેજસ્વી અને જિજ્ઞાસુ પત્ની આવી પડી. બંને બહુશ્રુત, વાક્ચાતુર્યવાળાં અને વ્યવહારકુશળ હતાં. તેઓ હોંશિયાર હતાં અને ઘણી બાબતોનો એમને રસ હતો. તેઓ ગામડાનું અને શહેરનું મિશ્રણ હતાં પણ એમનું દિલ મોટે ભાગે શહેર તરફ વળેલું હતું. દયાનો એમનામાં છાંટો સરખો ન હતો. એમણે મનની શક્તિઓ સારી પેઠે કેળવેલી હતી, એમનામાં ચાતુર્ય હતું. નિર્દય વિચારણા હતી પણ એનું ઝાઝું સાર્થક ન હતું. એણે થોડુંક લેખનકાર્ય કર્યું હતું અને એનો પતિ કોઇ એક પ્રકારનો રાજદ્વારી પુરુષ હતો. તેઓની વાત કેવી નિસંકોચ અને ખાતરીપૂર્વકની હતી. શોધ કરવા માટે, વધારે સમજ પ્રાપ્ત કરવા માટે. અનિશ્ચિતપણું જરૂરી છે.પણ તમે જ્યારે ઘણું જ જ્ઞાન સંપાદન કર્યું હોય, સ્વરક્ષણનું બખ્તર જ્યારે ખૂબ જ શણગારેલું હોય અને બધાં જ છિદ્ર અંદરથી પૂરી દીધેલાં હોય ત્યારે વિચારની અનિશ્ચિતતા કેવી રીતે સંભવિત હોય? જેઓ ભૌતિક મૂલ્યાંકનોનાં બંધનમાં છે તેમને માટે લીટી અને આકાર અસાધારણ મહત્ત્વ ધરાવે છે. પછી તો સૌંદર્ય એટલે સંવેદન, શિવમ્ એટલે લાગણી અને સત્ય એટલે કેવળ માનસિક વિચારણા. જ્યારે સંવેદનો આધિપત્ય ભોગવે ત્યારે શરીરને માટે જ નહિ પણ ચિત્તને માટે ય આરામ જરૂરી થઇ પડે છે. ખાસ કરીને મનનો આરામ જરૂરી થઇ પડે છે. ખાસ કરીને મનનો આરામ વિનાશ કરનારો અને ભ્રાંતિ ઉત્પન્ન કરનારો હોય છે.

આપણે આપણી મિલકતરૂપ છીએ. આપણે જેને વળગેલા છીએ તે જ આપણે છીએ. આસક્તિમાં કોઇ ઉચ્ચતા નથી. જ્ઞાન પ્રત્યેની આસક્તિ બીજા કોઇ સંતોષકારક શોખ પ્રત્યેની આસક્તિ કરતા નિરાળી નથી. ઊંચી કે નીચી કોઇ પણ ભૂમિકાએ આસક્તિ નિમગ્નતા છે. આસક્તિ આત્મવંચના છે, અસ્મિતાના ખાલીપણામાંથી નાસી જવાની એ એક છટકબારી છે. જેના પ્રત્યે - વસ્તુ, વ્યક્તિ કે વિચાર - આપણે આસક્ત હોઇએ છીએ તે અતિ મહત્ત્વનાં થઇ પડે છે. કારણ કે જે સઘળી બાબતો અહંના ખાલીપણાને ભરે છે તે વિના અહંનું અસ્તિત્વ નથી. નહિવત્ થવાના ભયને લીધે આપણે મિલકત સંપાદન કરીએ છીએ; ભયમાંથી ભ્રાંતિ, નિર્ણયોનું બંધન જન્મે છે. ભૌતિક કે માનસિક નિર્ણયો સમજના પરિપાકને, જે મુક્ત અવસ્થામાં આવિર્ભાવ થાય તે મુક્ત અવસ્થાને, અવરોધે છે. આ મુક્ત અવસ્થા ન હોય ત્યારે પ્રપંચને પ્રજ્ઞા લેખવામાં આવે છે. પ્રપંચી રીતો અસરળ અને વિનાશક હોય છે. સ્વરક્ષણ કરતો આ પ્રપંચ જ આસક્તિ ઉત્પન્ન કરે છે. જ્યારે આસક્તિમાંથી દુ:ખ જન્મે છે ત્યારે એ જ પ્રપંચ અનાસક્તિ શોધે છે અને ત્યાગના ગર્વમાં અને એની નિરર્થકતામાં રાચે છે. પ્રપંચની રીતો, અહંની રીતો સમજવી એ પ્રજ્ઞાની શરૂઆત છે.

જીવન મિમાંસા, ખંડ ૧, પ્ર. ૪૫

સંપાદકીય

આત્મવંચના

ભ્રાંતિ એટલે જે સત્ય નથી તે; એવી અનેક ભ્રાંતો લઇને આપણે જ્યારે જીવીએ છીએ ત્યારે જે સત્ય નથી તેને જ સત્ય માની લેતાં હોઇએ છીએ, એટલે કે આપણે પોતાને જ ફસાવતાં હોઇએ છીએ. કૃષ્ણમૂર્તિ કહે છે, ''ભય એ ભ્રાંતિનું નિર્માણ કરે છે.'' જ્યારે આપણું મન અસુરક્ષિત હોય, ત્યારે તે એક પછી એક ભ્રાંતિનું નિર્માણ કરતો રહે છે અને પોતાને ફસાવતો રહે છે. આપણે જ આપણને ફસાવીએ છીએ એની જાણ ઘણી વખત આપણને થતી જ નથી. તેને તપાસવામાં ભય રહેલો હોય છે, અને જો કદાચ ખબર પડે તો પણ ભ્રાંતિમાં જ રહેવું એ આપણા માટે સહેલું અને સરળ થઇ ગયું હોય છે.

દેશ, ધર્મ, અને ભગવાન, આ સૌથી મોટી ભ્રાંતિ છે, પણ સમય જતાં તે અંતિમ સત્ય બની ગયા હોય તેવા લાગે છે. તેમને જો પડકારીએ તો જાણે આપણાં પોતાના અસ્તિત્વને પડકાર ફેંકેલ અને તેને આપણે આપણી સુરક્ષિતતાને માટે જોખમરૂપ માનિએ છિએ. કારણકે, આ બધાની સાથે મારું 'સ્વ' એકરૂપ થઇ ગયું હોય છે આપણે તેમાં એટલા એકરાર થઇ ગયેલા હોઇએ છીએ કે આપણને એ જોખમો દેખાતાં નથી. તેનાં ફાયદાઓમાં જ આપણે પોતાને ફસાવતાં રહીએ છીએ અને તે ભ્રાંતિ દ્વારા ઉત્પન્ન થયેલાં આતંકવાદ જેવાં જોખમો આપણે જોઇ શકતા નથી.

તેવી જ રીતે, કુટુંબ, પૈસાટકા વગેરેમાં પણ આપણને સુરક્ષિતતા દેખાતિ હોય છે, પણ તેમાં મોહનો પણ ભાગ રહેલો હોય છે. બાળકો અને પૈસામાં જ આપણને સુખ અને સુરક્ષા દેખાતી હોય છે. તેમાં પણ સુખની અપેક્ષાએ વધારે ત્રાસ આપણે ભોગવીએ છીએ; તો પણ તેનો મોહ છુટતો નથી. વિશેષ કરીને, વધારે સંપત્તિ અનેક જંજાળ અને જોખમોનું કારણ હોય છે.

જે જે વસ્તુઓમાં સુરક્ષા છે એમ લાગે છે તેજ, જોખમ, દુઃખ, બંધનનું કારણ છે આ દેખાતું હોવા છતાં આંખ આડાં કાન કરવાની આપણી વૃત્તિથી વધારે મોટી અન્ય કોઇ છેતરપિંડી હોઇ શકે?

આત્મ મહત્તાની કેવી કેવી ભ્રાંતિઓ મન ઉત્પન્ન કરે છે

કશાકને સમગ્રતામાં નિહાળવું - કે સાંભળવું - એટલે એના દરેકે દરેક પાસાને નિહાળવું. મોટા ભાગે આપણે વસ્તુઓને આંશિક રીતે, આપણી પોતાની ખુશી પ્રમાણે, કે આપણી પોતાની શરતોથી કે કોઇક આદર્શ દૃષ્ટિબિંદુના સંદર્ભમાં જોઇએ છીએ; આપણે વસ્તુઓને વિભાજિત કરીને જ જોઇએ છીએ. રાજકરણી મોટાભાગે રાજકરણ સાથે જ સંબંધ ધરાવે છે, અર્થશાસ્ત્રી, વૈજ્ઞાનિક, વેપારી દરેકને પોતાના આખા જીવનમાં અલગ અલગ ચિંતાઓ હોય છે. એવું લાગે છે કે આપણે કદી પણ જીવનના દરેકે દરેક પાસાંઓને સમગ્ર રીતે નિહાળતાં નથી. જાણે એક ભરપૂર નદી કે જેમાં પાણીની વિપુલ રાશિ હોય, શરૂઆતથી અંત સુધી પાણી જ પાણી હોય, કદાચ તે ગંદી થઇ ગઇ હોય તો પણ જો પૂરતો વિસ્તાર મળે તો પોતાની મેળે જ સાફ થઇ શકે. તો, એવી જ રીતે, આપણે જીવન સાથે, શરૂઆતથી અંત સુધી, આખેઆખાં, કોઇ વિભાજન કર્યા વગર, ક્યાંય આડે રસ્તે ફંટાયા વગર, કોઇ ભ્રાંતિમાં સર્યા વગર, સમગ્રતામાં વર્તી શકીએ. થોડાક સમય માટે પોતાને રાહતરૂપ અને સુરક્ષિત લાગે તેવી આત્મ મહત્તા વગેરેની કેવી કેવી ભ્રાંતિઓ મન ઉત્પન્ન કરે છે એ સમજવું મહત્ત્વનું છે. આપણે કશા પણ તરફ અગાઉથી જ મત કે માન્યતા બાંધી લઇએ છીએ, એટલે આપણે ખરેખર એને જોતાં જ નથી.

ઇચ્છાઓની સંતુષ્ટી માટેના પ્રયત્નો દ્વારા જ ભ્રાંતિ ઉત્પન્ન થાય છે. સંતુષ્ટી, સમાધીથી સાવ ભિન્ન છે. સમાધી એટલે 'હોવા' કે 'ન હોવાની' એક સ્થિતિ છે. જે 'સ્વ'ની બહારની વસ્તુ છે. અનુભવ રહિત અવસ્થા એટલે જ સમાધી. અનુભવ આવ્યો કે તે ભૂતકાળની સ્મૃતિ, સ્મરણોથી ભરેલ વ્યક્તિત્વ હોય, જે ભ્રાંતિમાં ફેરવાય છે. સમાધી અવસ્થા ક્યારેય ભ્રાંતિ પેદા નથી કરતી. તમે ક્યારેય સમાધીને બંધનમાં ન રાખી શકો કારણકે તે વ્યક્તિની બહાર હોય છે, સ્મરણો કે યાદોનો, એની ઇચ્છાનો કોઇ સવાલ જ ઉપસ્થિત નથી થતો. સમાધી અવસ્થાની ઇચ્છા કરવી એટલે જ તેને સંતુષ્ટ કરવાની ઇચ્છા અને એ જ ભ્રાંતિ ઉત્પન્ન કરે છે.

આપણે મોટાભાગનાં લોકો 'અસ્તિત્વ' અને 'અનસ્તિત્વ', 'વર્ચસ્વ', 'પદ' વગેરે જેવા 'હુંપણા'ના કેન્દ્રમાંથી ઉત્પન્ન થયેલા વર્ગોની ભ્રાંતિયોંમાં સપડાયેલાં હોઇએ છિએ. ભ્રાંતિ એટલે એક ચોક્કસ મત, પૂર્વગ્રહ કે ચોક્કસ વિચારના સંદર્ભમાં જોવું. ભ્રમનાં જાળાંમાં સપડાયેલ મનમાં વ્યવસ્થા નથી હોતી. વ્યવસ્થા તો સમગ્રતામાંથી જ નીપજી શકે. એક સાવ નાના ઓરડામાં પણ વ્યવસ્થા જોઇએ. વસ્તુઓ પોતાના નિયત સ્થાને મૂકાવી જોઇએ. નહીંતર તે સાવ અવ્યવસ્થિત અને ગંદો બની જાય, જે વિસામો ખાવા યોગ્ય ન રહે. આપણે વિચારીએ છીએ કે વ્યવસ્થા એટલે આપણે નક્કી કરેલ નિત્યક્રમ કે નિયત શૈલીનું અનુસરણ. પણ, વ્યવસ્થા એ સાવ જ અલગ બાબત છે. એ ત્યારે જ આવી શકે જ્યારે સ્પષ્ટતા હોય. સ્પષ્ટતા, વ્યવસ્થા લાવે છે, નહીં કે વ્યવસ્થા સ્પષ્ટતાને લાવે; જો તમે વ્યવસ્થા લાવવા માટે ઇચ્છા રાખો, તો શૈલીમાં સરખાપણાંની નરી યાંત્રિકતા આવી જશે પણ સ્પષ્ટતા નહીં આવે.

વ્યવસ્થાનો અર્થ જ થાય છે રોજીંદા જીવનમાં સંવાદિતા. સંવાદિતા એ કોઇ કલ્પના નથી. આપણે કલ્પનાઓના વમળોમાં સપડાયેલાં છીએ જેમાં કોઇ જ સંવાદિતા નથી. સંવાદિતા અને સ્પષ્ટતા વસ્તુઓનો સમગ્રતાથી જોવાની દૃષ્ટિ અને આખા જીવનની એકસૂત્રતા સૂચિત કરે છે, જેથી, આપણે સામાન્ય રીતે જે પ્રમાણે જીવન જીવતાં હોઇએ છીએ- હું ઓફિસમાં એક વેપારી અને ઘરમાં એક અલગ જ વ્યક્તિ હોઉં, કે પછી હું એક કલાકાર હોઉં અને તેથી વાહિયાત અને વિચિત્ર વસ્તુઓ કરી શકું - એવું નથી રહેતું; શ્રેષ્ઠ અને કનિષ્ઠ, મજૂર અને ઉપરી વર્ગ, બુધ્ધિશાળી અને ભાવના પ્રધાન એવા ભેદો અને પ્રભેદોમાં જીવન વહેંચાયેલ હોય એવું નથી થતું. જીવનને એક સંપૂર્ણતામાં જોવું, જેમાં બધું જ સમાવિષ્ટ છે, જેમાં ક્યાંય ભાંગફોડ ન હોય, સારાં અને નરશામાં વહેંચણી ન હોય, એનું મહત્ત્વ જુઓ. તમે સંપૂર્ણતાથી જોતાં થાઓ, જેથી જ્યારે તમે તમારા મિત્ર કે પત્નિ કે પતિને નિહાળો ત્યારે તેમનું પૂર્ણરૂપ જુઓ.

The Wholeness of Life, Part II, Chapter 17
સાનેન ૧૯૭૭, ભાષણ ૬

મરાઠી સંમેલન ૨૦૧૬ – સહ્યાદ્રી

કૃષ્ણમૂર્તિ ફાઉંડેશન દ્વારા કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, સહયાદ્રીમાં ૧૫ થી ૧૭ ઓક્ટોબર દરમ્યાન મરાઠી સંમેલન ભરાયું હતું, જે માટે ચિંતન વિષય હતો, 'જે. કૃષ્ણમૂર્તિના કેળવણી-વિચારો અને આજનું જગત'. આ સંમેલનમાં પ્રસિધ્ધ લેખક અને કેળવણીના ક્ષેત્રમાં કાર્યરત એવા શ્રી હેરંબ કુલકર્ણી, કૃષ્ણમૂર્તિના ડૉક્ટર શ્રી પરચુરે, સહયાદ્રી કેન્દ્રના ડાયરેક્ટર શ્રી શૈલેશ શિરાળી અને શ્રી વિનય દાભોળકરે કૃષ્ણમૂર્તિના કેળવણી વિષયક વિચારો અને તત્ત્વજ્ઞાનનું માર્ગદર્શન આપ્યું.

સંમેલનની શરૂઆતમાં જ આપણી આજની સામાજિક સ્થિતિ વિશે વાત થઇ. આજે જગતમાં પ્રસરેલા આતંકવાદ, ભ્રષ્ટાચાર, અસંવેદનશીલતા, લડાઇ, ભૂખમરો વગેરે માટે આપણી અસંવેદનશીલ સ્પર્ધાત્મક શિક્ષણ પધ્ધતિ જ જવાબદાર છે. આજે 'વિચારતા કરવાં'ને બદલે 'વિચાર ન કરવા દેવાનું' શિક્ષણ અપાય છે. એક વિષયમાં તજજ્ઞ બનાવનારું આજનું શિક્ષણ સર્વાંગી વિકાસ કરવા માટે સક્ષમ નથી. વધારે ને વધારે ભોગોપભોગના સાધનોના ઉપયોગ માટે પ્રેરિત કરતી આજની અર્થવ્યવસ્થામાં વાલીઓને પણ એવું જ શિક્ષણ જોઇએ છે જેનાથી ભવિષ્યમાં સારો નોકરી ધંધો અને પૈસા મળી શકે.

શ્રી હેરંબ કુલકર્ણીએ આ વાતની વિસ્તૃત સમજણ આપતાં કહ્યું કે આપણી આસપાસ આવું હોવાં છતાં આજે પણ કૃષ્ણમૂર્તિના કેળવણી વિષયક વિચારોના આધારે રચાયેલી કૃષ્ણમૂર્તિની શાળાઓમાંથી બહાર આવેલા બાળકો આ બધાથી પરે હોય છે. આ શાળાઓમાં રમતાં રમતાં શિક્ષણ અપાય છે, સ્વામીત્વની ભાવનાથી જોજનો દૂર અહીં બંધુત્વની ભાવના કેળવાય છે, અહીં કોઇ સ્પર્ધા નથી હોતી, બધાં હળીમળીને આગળ વધે છે. સંવેદનશીલતા બાળકોના જીવનનો એક ભાગ બની જાય છે. અહીં બાળકો મુક્ત હોય છે, કોઇ બંધન નથી હોતું તેમની ઉપર, અને ત્યારે જ તેમનામાં કર્તવ્ય ભાવના ઊગી નીકળે છે. અને તેથી જ, જગતની ભીષણ સમસ્યાના ઉકેલ માટે કેળવણીમાં જ આમૂલ પરિવર્તન આવવા ખુબ જરૂરી છે અને તે માટે કૃષ્ણમૂર્તિના કેળવણી વિષયક વિચારો/ તત્ત્વજ્ઞાન ખુબ જ ઉપયોગી છે. કેળવણીમાં આમૂલ પરિવર્તન કેવી રીતે આવી શકે, તે માટે કૃષ્ણમૂર્તિની શીખ, તત્ત્વજ્ઞાન અને વિચારોનું સમગ્રપણે આકલન કરવા માટે શું શું કરી શકાય, કેળવણીમાં પરિવર્તનની સાથે સાથે વાલીઓ અને શિક્ષકો જોડે સંવાદ કરીને તેમની વિચારધારામાં બદલાવ કેવી રીતે લાવી શકાય, અન્ય કયા કયા પગલાંઓ લેવાં જોઇએ અને કેવી રીતે લઇ શકાય તથા જગતને કેવી રીતે માર્ગદર્શન આપી શકાય એ વિષયક ચર્ચા પણ આ સંમેલનમાં કરવામાં આવી.

મનને મુક્ત કરવું

તમે તમારી રોજિંદી જરૂરિયાતો માટે ખુબ મહેનત કરો છો, આજીવિકા માટે બીજાઓની આજ્ઞા પાળતાં પાળતાં વર્ષો કાઢી નાખો છો, અપમાનો, અગવડ, અવહેલના, ખુશામત સહન કરો છો. પણ મન મુક્ત થાય એવું કાર્ય કરવું એ ખુબ વિકટ છે; એની માટે વિપુલ માત્રામાં આંતરસૂઝ, આકલનશક્તિ જોઇએ, એક એવી જાગરૂકતા જોઇએ કે જેથી મન પોતાને નડતી અડચણોને, અવરોધોને, મન સાથે છેતરપિંડી આદરતાં મનનાં આંદોલનોને, ચિત્ર-વિચિત્ર કલ્પનાઓને, આભાસોને, ખોટી માન્યતાઓને જાણી શકે. એકવાર મન મુક્ત બની જાય પછી તે બારીકાઇથી તપાસ કરવાની, શોધ કરવાની શરૂઆત કરી શકે છે; પણ જે મન હજી મુક્ત નથી તેણે આદરેલી શોધનો કોઇ અર્થ નથી. તમને સમજાય છે? સત્‌ને, ભગવાનને, આ અપ્રતિમ સુંદરતા અને જીવનની ઊંડાઇને, પ્રેમની સંપૂર્ણતાને શોધવા ઇચ્છુક મન મુક્ત હોવું જ ઘટે. પરંપરાની દિવાલોમાં, ચોક્કસ ઘાટમાં, શરતોમાં બંધાયેલ મનનું કહેવું કે 'હું સત્‌ને શોધી રહ્યો છું, ભગવાનને શોધી રહ્યો છું' તેનો કોઇ અર્થ નથી. એવું મન તો ખીલે બંધાયેલા ગધેડા જેવું છે; જે દોરડાની લંબાઇ કરતાં વધારે દૂર જઇ શકતો નથી.

Collected Works, Vol. X, 164,
Individual and Society

જે મન પોતાને સમગ્રતાથી જાણી શક્યું છે

તમે તમારા મનના બાહ્ય સ્તરોને જાણતાં હો તેવું બને, પણ અજ્ઞાતપણે રહેલ ઉદ્દેશો, ભય, ફરજ, તમારા મનમાં બાકી રહી ગયેલ વંશીય વારસાના અને પરંપરાગત માન્યતાઓના અવશેષો- આ બધાં વિશે અવધાન હોવું અને તેની ઉપર એકદમ નજદીકીથી, સૂક્ષ્મતાથી ધ્યાન આપવું એ ખુબ મુશ્કેલ કાર્ય છે. તે માટે વિપુલ માત્રામાં ઉર્જા જોઇએ. આપણાંમાંનાં મોટાંભાગનાં લોકો આ વસ્તુઓ પર સૂક્ષ્મ રીતે ધ્યાન આપવા માટે તૈયાર નથી હોતાં; સાવ ધીમે ધીમે, એક પગથિયાં પરથી બીજા પર, એક ઇંચ પછી બીજા ઇંચ પર, એમ પોતાના મનમાં ઊંડા ઊતરવા માટેનું ધૈર્ય કે જેનાથી આપણે આપણા મનમાં રહેલા સૂક્ષ્મ ભાવો, મનના સૂક્ષ્મ આંદોલન પણ આપણે જાણી શકીએ એ આપણાંમાં નથી હોતું. પણ ફક્ત જે મન પોતાને સમગ્રતાથી જાણી શક્યું છે, જાત સાથે છેતરપિંડી કરવા અસમર્થ છે, તેવું મન જ પોતાને ભૂતકાળથી અલિપ્ત કરી શકે છે, કાળ અને ક્ષેત્રથી મનનાં આંદોલનોથી ઉપર ઊઠી શકે છે. આ કાંઇ વધારે અઘરું નથી, પણ ઘણી મહેનત માંગે છે.

Collected Works, Vol X, 253
Choiceless Awareness

વાર્ષિક સંમેલન ૨૦૧૬ – ઋષિ વેલી

કૃષ્ણમૂર્તિ ફાઉંડેશનનું વાર્ષિક સંમેલન આ વર્ષે ૨૦ થી ૨૩ નવેંબર દરમ્યાન ઋષિ વેલીમાં ભરાયું હતું. સંમેલનનો વિષય હતો 'આજના જમાનામાં જવાબદારીપૂર્વક જીવવું'. લગભગ ૨૫૦ જેટલા અભ્યાસુઓએ આ સંમેલનમાં ભાગ લીધો હતો.

સંમેલનની શરૂઆતમાં, પોતાના પ્રાસ્તવિક સંભાષણમાં ફાઉંડેશનના સેક્રેટરી શ્રી કંદાસ્વામીએ કૃષ્ણજીના વિચારોને ઉધૃત કરતાં કહ્યું કે જગતમાં પ્રવર્તમાન સમસ્યાઓના મૂળ શેમાં છે તેની આપણને હજી સમજણ પડી નથી, અને તેથી જ આપણી પ્રતિક્રિયા પણ નબળી પડે છે, નિષ્ફળ જાય છે. સામાન્યપણે જગતમાંની સમસ્યાઓ માટે આપણે જવાબદાર નથી એવું જ આપણે માનતા હોઈએ છીએ અને તેથી જ આ સમસ્યાઓનો ઉકેલ કાઢવાની જવાબદારી સરકાર, રાજકીય નેતાઓ કે વિચારકોની હોય છે એવું આપણું વર્તન હોય છે. પૂરતું વિચાર્યા વગર જ આપણે એ માની લઈએ છીએ કે આ સમસ્યાઓને સૂલઝાવવાની પૂરતી ક્ષમતા આપણામાં નથી, અને તેથી જ આપણે 'કર્મસત્તા' (સમસ્યા-મુશ્કેલીનો સ્વીકાર, પણ તે છતાં તેના ઉકેલ માટેના પ્રયત્નનો અભાવ) અને 'કૃપા' (દૈવી તત્ત્વની મદદ કે હસ્તક્ષેપ) ઉપર અટકી જઈએ છીએ. કૃષ્ણજીએ 'કશીક વાત માટેની જવાબદારી હોવી' અને 'જવાબદાર હોવું' આ બન્ને વચ્ચેના ભેદને સ્પષ્ટ કરતાં ખુબ મહત્ત્વની વાત કરેલ છે. પ્રોફેસર એંડરસન સાથે કરેલ એક સંવાદમાં તે કહે છે, 'કશાક માટે જવાબદાર બનવું' અને 'જવાબદાર હોવું' એ બન્ને બાબતોમાં સ્પષ્ટપણે ફરક છે. 'જવાબદાર બનવું' એ એક દિશા સૂચન કરે છે, નિર્દિષ્ટ ઈચ્છા દર્શાવે છે. પણ 'જવાબદાર હોવાની લાગણી' એ કોઈ એક દિશામાં નહીં, બધી જ વસ્તુઓ માટે : શિક્ષણ, રાજકારણ, મારી જીવનશૈલી, મારું વર્તન એમ દરેક વસ્તુ પ્રત્યે જવાબદારીનું સૂચન કરે છે. બધી જ વસ્તુઓ માટે સંપૂર્ણપણે જવાબદાર હોવાનું ભાન અહીં દેખાઈ આવે છે, અને તેમાંથી જ બધા કાર્યોને વેગ મળે છે.

કૃષ્ણજીની શીખ આપણા રોજબરોજના જીવનમાં ઊતારતા આપણે શું કરીએ છીએ તે સ્પષ્ટ કરતાં શ્રી કંદાસ્વામીએ આ વાત કહી. (અ) આપણને સગવડ ભર્યું લાગે તે રીતે તેમની સલાહ-શીખનો અર્થ કરવાની પ્રવૃત્તિ બધામાં જ જોવા મળે છે. ખરેખર તો તેમની સલાહ એક ઝંઝાવાત જેવી હોય છે, પણ આપણે તેને ફક્ત એકાદ સુખદ ક્ષણમાં બદલીને પછી સૂઈ જઈએ છીએ (બ) આપણે શબ્દ, સિધ્ધાંત અને સંકલ્પના સાથે અત્યંત જોડાયેલા છીએ, આપણે બૌધ્ધિક અને શાબ્દિક આકલનને ચીટકી રહેનારા છીએ (ક) આપણે કોઈ વસ્તુને ખંડ ખંડમાં વિભાજીત જોઈએ છીએ, ખંડિત સમજણ, ખંડિત સૂઝ-આકલન વગેરે. આ એવી બાબતો હતી જેનો કૃષ્ણજી ક્યારે પણ સ્વીકાર ન કરતા.

શ્રી કંદાસ્વામી પછી તરત જ ફાઉંડેશનના વિશ્વાસુ અને રાજઘાટ ગ્રામીણ કેન્દ્રના માજી ડાયરેક્ટર ચિદાનંદજીએ પોતાના કેટલાંક મુદ્દા મૂક્યા તેમાંના કેટલાંક અહીં મૂક્યા છે. (અ) જોવું-કલ્પવું-કલ્પના અને કાર્ય એ બન્નેની વચ્ચે જરા પણ સમય કે અંતર કે ફરક ન હોવા જોઈએ, નહીં તો, તે કાર્ય ખંડિત સ્વરૂપે થશે. યોગ્ય પ્રકારે 'જોવાથી'/'કલ્પવાથી' જ તે યોગ્ય કાર્યમાં પરિણમે છે. (બ) એક જૂની કહેવત છે કે દયાળુપણાની, ઉદારતાની શરૂઆત પોતાના ઘરથી જ થવી જોઈએ. તેવી જ રીતે, જગત પ્રત્યેની જવાબદારીની શરૂઆત, તમે જેમની જોડે રહેતા હો, સૌથી વધારે જેમની નજીક હો તેમનાથી કરવી જોઈએ (ક) તંત્રજ્ઞાનના ક્ષેત્રમાં ઘણી પ્રગતિ થઈ હોય તો પણ સંઘર્ષનું પ્રમાણ ઘટ્યું નથી. સંઘર્ષ વિષયક સંશોધનની સાથે તેને અનુરૂપ જીવનશૈલીમાં પરિવર્તન નથી આવતું. (ડ) આપણે અંતરમાં જોવું જોઈએ, ખરેખર તો, અંતરની ઊંડાઈમાં, વિચારોમાં ક્યાંક આપણે એકાદ આતંકી સંગઠનના મુખિયા કરતાં જુદાં નહીં હોઈએ. આપણાં બધામાં થોડાઘણાં અંશે હિંસા હોય જ છે. અસહિષ્ણુ વૃત્તિથી કોણ બચેલું છે? (ઇ) અને છેલ્લે, 'આ કરો અને આ ન કરો'ની યાદી બનાવવા માત્રથી પરિવર્તન થવાનું નથી.

બીજા દિવસે, કે એફ આયની 'દ સ્કુલ'ની ભૂતપૂર્વ વિદ્યાર્થિની અપર્ણા રાજગોપાલે 'ખરાબ થયેલી જમીન' માટે ચિંતા વ્યક્ત કરતાં, પોષક તત્ત્વોહીણી મૃતપાય જમીનને પુનર્જીવીત કરવા વિશે અને 'વન સ્ટ્રૉ રિવૉલ્યુશન' નામક પુસ્તકની પ્રેરણા વિશે અત્યંત ભાવવાહી પ્રવચન આપ્યું. જમીન, પ્રાણીઓ અને વનસ્પતિના સહવાસમાં જીવન જીવવું એ આપણાં આંતરિક જીવનને માટે અત્યંત મહત્ત્વનું છે તે પણ તેમણે સ્પષ્ટ કર્યું. 'દુષ્કાળ વખતે સ્વસ્થતા-સમતા રાખવા' વિશે વાત કરતાં તેમણે એ વાત તરફ આંગળી ચીંધી કે દુષ્કાળ તો આપણાં પોતાના મનમાં પણ હોઈ શકે. સાંજના પોતાના ખેતી વિષયક કાર્યનો એક સ્લાઇડ શો સાંજના તેમણે બતાવ્યો.

એ પછી ઋષિવેલી શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી વેદાન્દ ભારદ્વાજે એકતારા પર સંત કબીરના નિર્ગુણ ભક્તિનાં ભજનો ગાયા. જેમાં શ્રોતાઓ મગ્ન થઈ ગયા.

ત્રીજા દિવસે સૅમડૉંગ રિમપોચેજી એ 'સગાસંબંધિઓ- આપણાં જીવનનું અવિભાજ્ય એવું અંગ' વિશે ચર્ચા કરી. આ વાત આપણા મુખ્ય સવાલ 'જવાબદારીપૂર્વક જીવવું એટલે શું' એ માટે અનેક પરિમાણો ખોલી આપે છે. તેમણે એ વાત કહી કે 'સામૂહિક શોધ-તપાસ' એટલે જ સંવાદ. બધાંથી દૂર જઈને, વ્યક્તિ, એકલતામાં કાંઈ મેળવી શકતો નથી, અને એટલે જ આ પ્રકારના સંમેલનનું મહત્ત્વ છે, સાથે સાથે, સત્સંગને પણ એટલું જ મહત્ત્વ આપવું જોઈએ. જવાબદારી સાથે મેળ ખાતો એક અન્ય શબ્દ છે 'કર્તવ્ય'.

રિમ્પોચેજીએ કહ્યું કે તેમને આ શબ્દ વાપરવો વધારે યોગ્ય લાગે છે કારણકે કર્તવ્યનું મૂળ પોતાનામાં-સ્વમાં છે. 'જવાબદારી' 'પ્રતિસાદ'નો ભાવ સૂચિત કરે છે. એટલે કે 'જવાબદારી'માં 'અન્યો પ્રત્યે'ની વાત છે. જ્યારે, 'કર્તવ્ય' શબ્દમાં 'કોઇ પ્રત્યે'ની ફરજની વાત નથી. એટલે, 'જવાબદારી પૂર્વક જીવવું'એ સવાલને એ રીતે સમજી શકાય કે 'મારી જાત પ્રત્યે મારી અનિવાર્ય ફરજ કઇ છે?, જીવન પ્રત્યેનું મારું અનિવાર્ય કર્તવ્ય શું છે?'મારે એ શીખવું જ રહ્યું કે ફક્ત મારા શરીરની નહીં પણ મારા મનની સંભાળ હું કેવી રીતે રાખી શકું. પૃથ્વીની સંભાળ રાખતાં મારે શીખવું જ રહ્યું કારણકે એની જગ્યા લઇ શકે એવું કોઇ નથી. ખરેખર, મારી ફરજો-કર્તવ્યના કેન્દ્રમાં આ જ હોવું જોઇએ.

આજના વિશ્વમાં હકનો આગ્રહ તો રખાય છે. પણ કર્તવ્યનો નહીં. પણ કર્તવ્યોનું પાલન નહીં કરવાથી જ હક છિનવાય છે એ વાત સમજી શકવી સહેલી છે. જો કર્તવ્યનું પાલન થશે, તો હકનું પાલન પણ થશે જ. અને આ અનુભવ કરીને તેની સાબિતી જોઇ લેવી જોઇએ. હક અને કર્તવ્ય વચ્ચેના આ ભેદ પ્રત્યે ધ્યાન રાખવું એ પણ મારી જીવન પ્રત્યેની એક ફરજ જ છે.

આજે જેવું છે તેવા જગતમાં, સમાજ સ્પર્ધા વગર ન ચાલી શકે એ વિચાર વ્યાપક થઇ ગયો છે. આ વિચારને પડકારવો એ મારા કાર્યનો એક ભાગ છે, મારું કર્તવ્ય છે.

શ્રોતાઓમાંથી કોઇના પ્રશ્નના ઉત્તર રૂપે એ વાત તરફ ધ્યાન તેમણે દોર્યું કે 'ધાર્મિક ઓળખ' એ શબ્દ પોતાનામાં જ વિસંગત છે. તેથી જ, ધર્મનો સાચો અર્થ ધ્યાનમાં રાખવો અને 'ઓળખ' બાબત પોતાને પડકારતા રહેવું એ પણ મારા કર્તવ્યનો જ એક ભાગ છે.

બીજા એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે એ વાત પ્રત્યે આંગળી ચીંધી કે ફક્ત શાબ્દિક પ્રયોગો કે ભાષાના સ્તરે બુધ્ધ અને કૃષ્ણમૂર્તિના શબ્દોમાં વિસંવાદ દેખાશે. પણ મહાન પુરૂષોના શબ્દોને વળગી ન રહેવું જોઇએ, આપણા પ્રશ્નોના અર્થને આપણે જ સમજવાનો પ્રયત્ન કરવો જોઇએ. આ પણ મારા કર્તવ્યનો જ એક ભાગ છે.

સમારોપનનું વક્તવ્ય આપતાં ડૉ.શિરાલીએ આ સંમેલનની ચર્ચામાંથી ઊભા થયેલા મુદ્દાઓની વાત કરતાં કહ્યું કે તર્ક-વિતર્કમાં ન જતાં આપણે આપણી જાતને મુશ્કેલ સવાલો પૂછવા એ આપણી જવાબદારી છે. આ કહીને તેમણે આત્મચિંતન માટે કેટલાંક પ્રશ્નો ઊભા કર્યા.

''જવાબદારીપૂર્વક જીવવું એટલે શું? આ સવાલ અનેક વિવિધ પરિપેક્ષ્યમાં જોઇ શકાય. આજનું જગત અનેક કટોકટીઓથી ભરેલું છે - ગરીબાઇ, પર્યાવરણની હાની, પ્રાકૃતિક અને અન્ય વસાહતોનો નાશ, પીવાના તાજા પાણીની કટોકટી, ઉર્જાની કટોકટી, શિક્ષણ અને તેને લગતાં વિવિધ પડકારો, ધાર્મિક અસહિષ્ણુતા, કટ્ટર રાષ્ટ્રવાદ વગેરે વગેરે. દેખીતી રીતે જ, આ યાદી લાંબી છે. આવનાર પ્રજાને વારસામાં મૂલ્યો આપી જવાના આશયે, આમાંની કોઇ એકાદ કટોકટીનો સામનો કરવામાં જીવન સમર્પિત કરવું એ પોતાના જીવનમાં મહત્ત્વપૂર્ણ બની જશે.''

અને તે છતાં, કેટલુંય મહત્ત્વપૂર્ણ આ કાર્ય લાગે પણ કૃષ્ણમૂર્તિ આ કાર્યને 'પૂરતું' ગણતાં નથી. તેમણે તો એ પૂછયું કે શું આપણે આંતરિક રીતે પણ બદલાઇએ છીએ? તેમણે આવું કહ્યું કારણકે જ્યાં સુધી આપણી અંદરની જટિલતા રહે છે, વાતાવરણને તે અસર કરતી જ રહેશે, અને વખત જતાં, બહારના જગતમાં જે બદલાવ આવ્યો હોય તે ફરી પાછું જેવું હતું તેવું થઇ જશે. આપણી આસપાસ જોતાં જ આ વાતની સચ્ચાઇની પ્રતીતિ થઇ જશે. જગતના ઇતિહાસમાંથી અને આપણા પોતાનાં જીવનમાંથી પણ આ વાતની સાબિતીરૂપ અનેક ઉદાહરણો મળી જશે.

આ સત્ય હોવાથી, 'જવાબદારીપૂર્વક જીવવું એટલે આજના જગતમાં શું' એ પ્રશ્ન તરફ આપણે ફરીથી એક નવા દૃષ્ટિકોણથી જોવું પડશે. મારે ફક્ત મારી આસપાસના જગતમાં શું કરવું એ જ નહીં પણ મારી અંદર, ઊંડાઇમાં શું કરવું એ પણ પૂછવું પડશે અને એ પણ કે શું મારી જાતથી પરે, ક્ષેત્રકાળ નિરપેક્ષ એવા શું આ મૂળભૂત પ્રશ્નો છે? નીચે આપેલી નોંધમાં આ જ વાતને વિસ્તારે કહેવાઇ છે.

હું મારા સ્વ સાથે શું કરી શકું?

મારે મારી આાંતરિક જટિલતાઓ, વર્ચસ્વની મારી ઝંખના, સફળતાની પૂજા, મારી ઇર્ષ્યા વગેરેને જાણવા જ પડશે. મારી જ અંદર રહેલાં દાનવો, વિરોધી ઝંખનાઓ, અધિકારની ગુપ્ત મહત્ત્વકાંક્ષાઓ અને સફળતાની ઇચ્છાને જાણવાની જવાબદારી મારી જ છે.

મારે એ શોધવું જ રહ્યું કે અતિસુક્ષ્મતાથી કે અન્ય કોઇ પણ રીતે હું કોઇ સંસ્થા સાથે એકરૂપતા અનુભવું છું? શું હું સાચી વસ્તુઓને પ્રાપ્ત કરવા કોઇ ખોટાં સાધનો વાપરું છું? સંસ્થાઓ, રાષ્ટ્ર કે ધર્મ સાથે એકરૂપતા એ અંતહીન હિંસાનું કારણ છે; એ મારી જવાબદારી છે કે આવી એકરૂપતામાં હું કયા સ્થાને ઊભો છું એ શોધવું. એ જ રીતે મારે એ પણ જોવું જ રહ્યું કે ખોટાં સાધનો ક્યાં દોરી જાય છે, સાચાં સ્થાને તે કેમ કદી દોરી જતાં નથી, અને મારા મનને એનાથી વિપરીત માનવા મેં સમજાવ્યું છે કે ?

પ્રજ્ઞા વાપરીને હું સ્વ-ટીકાત્મક બનવાનું શીખી શકું. મારી ધારણાઓને પ્રશ્ન કરતાં હું શીખી શકું. સંદેહની આવશ્યકતા અને મહત્ત્વ, તપાસમાં તેની ભૂમિકાને સમજી શકું છું અને સમજદારીપૂર્વકના સંદેહની અન્વેષણા કરી શકું.

તર્કબુદ્ધિપૂર્વક કરેલી દલીલો પાછળ છુપાઇ જવાનું બંધ કરતાં હું શીખી શકું.

વડે આંખ આડા કાન કરવાને હું બંધ કરતાં શીખી શકું. રૂપાળા શબ્દોથી હું સંમોહન પામતાં અટકી જતાં હું શીખી શકું. વર્તમાન જગતમાં, જ્યારે જાહેરાતો અને પ્રચાર વડે આપણાં કાર્યો ઉપર વ્યાપક પ્રભાવ પડી રહ્યો હોય એ સમયે આપણે આ બધું કરતાં અટકવાનું શીખવું એ પોતાની જ જવાબદારી છે.

જરૂરત જ્યારે લોભ બની જતી હોય એ ક્ષણને જાણી શકું. આજના જમાનામાં, જ્યારે ઉપભોક્તાની સંસ્કૃતિમાં આપણે જીવતાં હોઇએ, પહેલાના જમાનામાં ધર્મ જેટલું કેન્દ્ર સ્થાને હતું તેટલો જ ઉપભોગ જ્યારે કેન્દ્રમાં છે તેવા સમયે, આવશ્યકતાઓના સંબંધમાં મારું સ્થાન ક્યાં છે એ મારે જાણવું જ રહ્યું, અને આવશ્યકતાઓમાં સમજદારી રાખતાં મારી શીખવું જ રહ્યું. હું સાદાઇમાં પણ આનંદિત હોઇ શકું, સાદા ને સરળને હું માણી શકુ ને અનલંકૃતમાં લહેર કરી શકું.

હું 'શ્રવણ'ની અલૌકિકતામાં ખોવાઇ જઇ શકું, ખાસ તો એની સાથે વિવિધ અખતરાઓ કરી શકું અને કૃષ્ણમૂર્તિ કેમ એને અલૌકિક કહે છે તેની ખોજ કરી શકું.

આ બધું જ મારી જવાબદારીનો ભાગ છે.

અને મુશ્કેલ સવાલો વ્યવહારુ રીતે પૂછવા એ પણ મારી જ જવાબદારી છે. હું અહીં એવા જ કેટલાંક સવાલો અહીં મૂકું છું, અને આ યાદી નિશંક અધુરી છે, જેમાં મોટા પ્રમાણમાં વધારો થઇ શકે.

ડૉ. શિરાળી એ આત્મચિંતન માટે આ પ્રશ્નો ઉભા કર્યા:

૧. કૃષ્ણમૂર્તિએ સલાહ આપી હતી કે બીનજવાબદાર વલણ સાથે સભાનપણે જોડાવાનું સંભવ નથી; આપણે બીનજવાબદારીપણા ઉપર હુમલો ન કરી શકીએ. એનાથી તો પ્રતિકારનું વાતાવરણ અને ઉશ્કેરાટની લાગણી ઊભી થશે. જો આવા વલણ સાથે જોડાવું પડે તો અભાનપણે જ આવું બનવું જોઇએ. પણ એનો અર્થ શું થાય? અભાનપણાને ઉદ્દેશવો એટલે શું?

૨. સંસ્કારિતાના ખયાલોને પ્રોત્સાહક અને મૂળભૂત પ્રશ્નોના સંબંધમાં રાષ્ટ્રીય ચેતનાને હું કેવી રીતે જગાડી શકું? વ્યક્તિત્વ, ધર્મ, પર્યાવરણ, વિકાસ, નાગરિક ચેતના વગેરે વિષયો પર રાષ્ટ્રીય સ્તરના સંવાદો શરૂ કરવામાં હું કેવી રીતે મદદ કરી શકું? ઉદાહરણ તરીકે, ફ્રેન્ચ ચિત્રકાર પૉલ ગોગૅને તહિતી ટાપુઓ પરની તેની પ્રસિધ્ધ દિવાલ પર ત્રણ પ્રશ્નો કર્યા હતા. આપણે ક્યાંથી આવ્યાં છીએ? આપણે કોણ છીએ? આપણે ક્યાં જઇ રહ્યાં છીએ? આવા વિષયો વિશે રાષ્ટ્રીય સભાનતા ઊભી કરવી, લોકોને ગંભીર શોધમાં જોડવું બેહદ જરૂરી છે- આજે આની સૌથી વધારે જરૂર છે, કારણકે જગત આજે સાવ જ અવળી દિશામાં ચાલી રહ્યું છે.

૩. આજના વાતાવરણમાં માણસાઈની કમી આઘાત પમાડે છે. શા માટે દરેક સ્તરે આપણી વચ્ચે આવા ઊંડા અવરોધો પ્રવર્તે છે? શા માટે માનવ માનવ વચ્ચેની વાતચીત, સાવ નજીવા કારણોસર નિષ્ફળ જાય છે? હું આ અવરોધો તોડવા માટે શું કરી શકું?

૪. કૃષ્ણમૂર્તિની ભાષા, ભાષિક લાક્ષણિકતા અને રૂપકોને બદલાવવામાં હું કઇ રીતે મદદરૂપ બની શકું? મને લાગે છે કે આપણે પોતે જે જોયું, મળ્યું, શોધ્યું તેને અભિવ્યક્ત કરવા રસ્તાઓ આપણે જ શોધવા જોઇએ. કૃષ્ણમૂર્તિની અભિવ્યક્તિઓ, કે જેનો આપણને મહાવરો પડી ગયો છે, તે કરતાં આપણે આપણી પોતાની આંતરસૂઝને અભિવ્યક્ત કરવી જોઇએ. આપણે જોઇ શકીએ છીએ કે કૃષ્ણમૂર્તિએ પોતે છેક ૧૯૩૦માં પોતાના થયેલ અવર્ણનીયતાનું વર્ણન કરવા માટેના શબ્દો શોધવા માટે સખત પરિશ્રમ કર્યો હતો, 'થીઓસૉફી'ના શબ્દકોશમાંથી આ શબ્દો નહોતા લીધા. આપણી પોતાની માટે આ આપણી જવાબદારીનો એક ભાગ છે.

૫. ભૂતકાળની કોઇક ક્ષણે, કદાચ ૫૦,૦૦૦ વર્ષ પહેલા, કલ્પનાના જગતનું સર્જન કરવામાં આપણે નિષ્ણાત બન્યા છીએ. બહુ જ ઝડપથી ખરેખરા વિશ્વથી વધારે સાચું આ કલ્પનાનું જગતની બની ગયું. વિચારો, સંકલ્પનાઓ અને સંકેતોની અસર અને પરિણામ ખરેખરા જગતની અપેક્ષાએ એકદમ વધવા લાગ્યા, અને જેમ જેમ આ થવા લાગ્યું તેમ તેમ બાહ્ય જગત ઉપરનું આપણું પ્રભુત્ત્વ-પર્યાવરણની છેડછાડ, સમસ્યાઓના તકનીકી ઉકેલ-પણ વધવા લાગ્યું. કેટલી હદે આપણે કલ્પના અને સંકલ્પનાઓના જગતમાં જીવીએ છીએ તેની, આ ઘટનાનું ઊંડાણ અને સામર્થ્યની આપણને જાણ છે? શબ્દો દ્વારા જરૂરિયાત ઊભી થાય, જે આવશ્યકતાને ક્યાંય પાછળ છોડી દે, એ છૂપી રીતોની જાણ છે? આવી અવસ્થા ઘણાં લાંબા સમયથી પ્રવર્તી રહી છે. કદાચ માનવજાતિના જૂના ઈતિહાસ સુધી તે લંબાય છે.

ઓલ્ડસ હકસલી કહે છે કે: ''આપણાં અનુભવો જે દોરામાં પરોવીએ છીએ તે દોરો શબ્દોનો બનેલો હોય છે.'' પણ, સંકલ્પનાઓ, વિચારો અને આપણી કલ્પનાઓને પરોવવાનો દોરો પણ એ જ શબ્દો છે. શબ્દો તેની પહોંચ અને સમાર્થ્યમાં આપણને મુંઝાવી નાંખે છે. આલ્બર્ટ આઇનસ્ટાઇને કહ્યું છે: ''જ્ઞાન કરતાં કલ્પના વધારે મહત્ત્વની છે, કારણકે જ્ઞાન તો સીમિત છે જ્યારે કલ્પનાશક્તિ તો આખાય જગતને આવરી લે છે.'' આપણે આ વાત સાથે કેટલી હદ સુધી સહમત છીએ? વિજ્ઞાન કે કદાચ કળાના ક્ષેત્રની મર્યાદામાં પણ, આ વાત સાચી અને મહત્ત્વની છે. પણ, જ્યારે જગતની વાસ્તવિકતા સામે આ વાતને મૂકતાં, મન પર થતી અસરની સામે તેને મૂકતાં, આપણે તેની ભયંકર બીજી બાજુ જોઇ શકીએ છીએ, જેની અસર હોવી જોઇએ તેથી બહુ જ મોટી છે.

કૃષ્ણમૂર્તિના જવાબદારીને લગતાં વિચારો:

૧. એક વ્યક્તિ તરીકે, આ જગતમાં જબરદસ્ત બદલાવ લાવવો એ તમારી જવાબદારી છે. તમારી જવાબદારી કારણકે તમે આ સમાજના ભાગ છો, કારણકે તમે માનવીના વિપુલ દુઃખના, સતત ચાલનારા પ્રયત્નના, કઠિન પરિશ્રમના, પીડાના ભાગ છો. તમે જવાબદાર છો જ. જ્યાં સુધી તમે આ પ્રચંડ જવાબદારીને સ્પષ્ટપણે સમજશો નહીં અને તેના પ્રત્યક્ષ સંપર્કમાં આવીને આખી રચના, વ્યવસ્થાને સાંભળશો નહીં, ત્યાં સુધી, તમે કાંઇ પણ કરો, ગમે તેટલા મંદિરમાં જાઓ, જગતના દરેક ગુરુઓ પાસે, નિષ્ણાતો પાસે કે ધાર્મિક પુસ્તક પાસે જાઓ, તમારા કાર્યનો કોઇ મતલબ નહીં રહે.

૨. આપણે કદાચ એ ભૂલી ગયા છીએ કે જે વૈશ્વિક સમસ્યા છે તે ખરેખર તો વૈયક્તિક સમસ્યા છે, વિશ્વની સમસ્યાઓ તમે અને મેં જ એક વ્યક્તિ તરીકે ઉત્પન્ન કરી છે. યુધ્ધ, ભૂખમરો, શોષણ અને બીજી અનેક સમસ્યાઓ જે આપણી સામે ઊભી છે તે આપણી જ બનાવેલી છે, જ્યાં સુધી આપણે આ દરેક સ્તરે સ્વને નહીં સમજીએ ત્યાં સુધી આ સમાજ વ્યવસ્થાની ગંદકી ટકાવી રાખીશું.

સમેલનના વક્તવ્યોના ધ્વનિ મુદ્રણો www.rishivalley.org/news/gathering.html લિંક પર સાંભળી શકશો.

આત્મ-પ્રવચનનું પ્રત્યેક સ્વરૂપ

ધ્યાન એવું મન હોવાપણું સૂચવે છે કે જે આશ્ચર્યજનકપણે આત્મ-પ્રવચનાના પ્રત્યેક સ્વરૂપને દૂર કરી તેનો સ્પષ્ટપણે અંત લાવે છે. આપણે આપણી જાતને અનંત સમય સુધી છેતરી શકીએ; અને સામાન્ય રીતે ધ્યાન, કહેવાતું ધ્યાન, આત્મ-સંમોહનનું એક સ્વરૂપ છે- તમારા અનુબંધનો મુજબ દર્શન કરવા, જોવા, તે સાવ સહેલું છે; જો તમે ખ્રિસ્તી હશો તો તમે તમારા ઈશુ ખ્રિસ્તને જોશો; જો તમે હિંદુ હશો તો તમે તમારા કૃષ્ણ અથવા તમારા અસંખ્ય ઈશ્વરોમાંથી જેને માનતા હો તેને જોશો. પરંતુ ધ્યાન આમાંનું કશું જ નથી, તે મનની અબાધિત (નિશ્ચલતા, નિસ્પંદનતા, નિસ્તરંગતા)- શાંતિ છે, મગજની અબાધિત શાંતતા છે. ધ્યાનનો પાયો રોજિંદા જીવનમાં નાખવાનો છે; આપણે કેવું વર્તન કરીએ છીએ, આપણે કેવી રીતે વિચારીએ છીએ તેમાં નાખવાનો છે ધ્યાનનો પાયો. આપણે હિંસક રહીને ધ્યાન ન કરી શકીએ; તેનો કોઇ અર્થ નથી. જો માનસિકપણે મનમાં કોઇ પ્રકારનો ભય હોય તે સ્વાભાવિકપણે જ ધ્યાન એ એક છટકબારી બની રહે છે, કેમ કે મનની શાંતતા માટે, તેની સંપૂર્ણ શાંતિ માટે એક અસાધારણ શિસ્તની જરૂર છે; દમન, અનુપાલન અથવા કોઇ સત્તાનું અનુસરણ કરવાથી આવેલી શિસ્ત નહીં પરંતુ દિવસ દરમિયાન, વિચારની પ્રત્યેક ગતિ વિષે હોવી જોઇતી શિસ્ત અથવા શીખવાની ક્રિયામાંથી ઉદ્ભવતી શિસ્તની જરૂર છે; ત્યારે મન એકતાની ધાર્મિક ગુણવત્તા ધરાવે છે; તેમાંથી એવી ક્રિયા ઉદ્ભવે છે જે વિરોધાભાસી નથી હોતી.

હિંસાની પેલે પાર, ભાગ ૪, પ્ર. ૨

આત્મવંચના

મન જે ભ્રાંતિઓ સેવે છે અને જે એ પોતાના પર અને બીજાના પર લાદે છે તે, આત્મવંચનાનો પ્રશ્ન આપણે ચર્ચીએ અને વિચારીએ. જગત જે કટોકટીના પ્રસંગમાંથી પસાર થઇ રહ્યું છે એવે પ્રસંગે ખાસ કરીને આ એક ગંભીર પ્રશ્ન છે. પણ આત્મવંચનાનો આ આખો પ્રશ્ન સમજવા માટે આપણે એને ઉપરછલ્લી રીતે જ નહિ પણ અંદરથી, ઊંડાણથી, મૂળથી તપાસવો પડશે. આપણે શબ્દોથી અને વિરોધી શબ્દોથી ઝટ સંતોષ માની લઇએ છીએ; આપણે દુન્યવી ડહાપણવાળા માણસો છીએ અને એવા હોવાથી કાંઇક સારાં વાનાં થશે એવી આપણે આશા રાખીએ છીએ. વિગ્રહની સમજુતીઓથી વિગ્રહ અટકતા નથી એ આપણે જોઇએ છીએ, અસંખ્ય ઇતિહાસકારો, ધર્મશાસ્ત્રીઓ અને ધાર્મિક માણસો, વિગ્રહની સમજૂતીઓ આપે છે તથા એ કેવી રીતે ઉપસ્થિત થાય છે એ સમજાવે છે, છતાં વિગ્રહો તો ચાલ્યા જ કરે છે અને તે પણ અગાઉ કરતાં વધારે વિનાશક સ્વરૂપે. જેઓને આ બાબતમાં ખરેખર ચીવટ છે તેમણે શબ્દને ભેદી પોતામાં મૂળભૂત ક્રાંતિ આણવી જોઇએ. એ જ એક એવો રસ્તો છે જે વડે માનવજાતિનું ચિરસ્થાયી અને તળસ્પર્શી કલ્યાણ થઇ શકે.

એવી જ રીતે જ્યારે આપણે આ પ્રકારની આત્મવંચનાની ચર્ચા કરી રહ્યા છીએ ત્યારે ઉપલક સમજૂતીઓ અને ઉપરછલ્લા જવાબોથી આપણે સાવધ રહેવું જોઇએ. મારું સૂચન તો એ છે કે આપણે કોઇ પણ પ્રવક્તાને સાંભળવો એટલું જ બસ નથી, આપણા નિત્ય જીવનમાં જે પ્રશ્ન છે તેને આપણે સમજવો જોઇએ. એનો અર્થ એ છે કે વિચાર અને કાર્ય કરતી વખતે આપણે આપણી જાતને તપાસવી જોઇએ, બીજાઓ પર આપણી અસર કેવી થાય છે અને આપણે કેવી રીતે કાર્ય કરીએ છીએ તે આપણે તપાસવાં જોઇએ.

આત્મવંચનાનું કારણ અને મૂળ શું છે ? આપણે આપણી જાતને છેતરી રહ્યા છીએ એની આપણામાંથી કેટલાને ખરેખર ખબર છે? 'આત્મવંચના શું છે અને કેવી રીતે ઉદ્ભવે છે?' એ પ્રશ્નનો આપણે ઉત્તર આપી શકીએ તે પૂર્વે આપણે આપણી જાતને છેતરી રહ્યા છીએ એની આપણને જાણ ન થવી જોઇએ? આપણે આપણી જાતને ઠગીએ છીએ એ આપણે જાણીએ છીએ? આ છેતરપિંડીનો આપણે શો અર્થ કરીએ છીએ? હું ધારું છું કે એ અતિ મહત્ત્વનું છે, કારણકે જેમ આપણે આપણી જાતને છેતરીએ છીએ તેમ આપણી આત્મવંચના વધારે પ્રબળ બને છે. કારણકે એથી આપણને એક ચોક્કસ પ્રકારની તાકાત, એક ચોક્કસ પ્રકારનું બળ, એક ચોક્કસ પ્રકારની શક્તિ મળે છે જેથી આપણે આપણી ભ્રાંતિ અન્ય પર લાદીએ છીએ. આ રીતે આપણે છેતરપિંડીમાં સંડોવાઇએ છીએ એટલું જ નહિ પણ રફતે રફતે અન્યને એમાં સંડોવીએ છીએ. આત્મવંચના એ અરસપરસ કાર્ય કરતી ક્રિયા છે. આ ક્રિયાની આપણને જાણ છે ખરી? આપણે માનીએ છીએ કે આપણે સ્પષ્ટ રીતે, હેતુપૂર્વક અને સીધી રીતે વિચાર કરવા શક્તિશાળી છીએ પણ આ વિચારણામાં આત્મવંચના સમાયેલી છે એની આપણને જાણ છે?

વિચાર એટલે જ બચવાની, સલામતીની, સ્વરક્ષણની, માનનીય ગણાવાની, પદવી પ્રતિષ્ઠા અને સત્તા મેળવવાની વૃત્તિ નહિ? રાજકીય દૃષ્ટિએ કે ધાર્મિક અને સામાજિક દૃષ્ટિએ કાંઇક થવાની ઇચ્છા એ જ આત્મવંચનાનું કારણ નથી? કેવળ શારીરિક જરૂરિયાતો ઉપરાત જ્યારે હું કાંઇ વિશેષ માગી રહ્યો હોઉં ત્યારે કોઇ પણ બાબત ઝટ સ્વીકારી લેવાય એવી પરિસ્થિતિ ઉત્પન્ન કરતો નથી? દૃષ્ટાંત તરીકે આપણામાંથી ઘણાઓને મરણોત્તર અવસ્થા વિષે જાણવાનો રસ સવિશેષ, આપણે એવું સત્ય જાણવા માગીએ છીએ. આપણે એ કેવી રીતે જાણી શકીશું? વાચનથી કે જુદી જુદી સમજૂતીઓથી તો નહિ જ જાણી શકીએ એ નિઃશંક છે.

ત્યારે એ કેવી રીતે જાણી શકાય? પ્રથમ તો જે બાબત-હરેક આશા, સાતત્યની હરેક ઇચ્છા, મરણ પછી શું છે એ જાણવાની હરેક ઇચ્છા, - આડે આવતી હોય તે દરેક બાબત મનમાંથી સંપૂર્ણ રીતે કાઢી નાખવી જોઇએ. કારણ કે મન નિરંતર સલામતી જ શોધે છે, સાતત્યની એને ઇચ્છા હોય છે, અને એને બર લાવવાનાં સાધન મેળવવાની તથા ભવિષ્યના જીવનની એ આશા સેવે છે. આવું મન મરણોત્તર સ્થિતિનું, પુનર્જન્મ છે કે નહિ એ મહત્ત્વનું નથી પણ પોતાની જાતને ઠગી મન જે હકીકત હોય પણ ખરી અગર ન પણ હોય એનો બચાવ કેવી રીતે શોધે છે એ મહત્ત્વનું છે. તમે પ્રશ્નને કેવા આશયથી, કેવા વેગથી, કેવી વૃત્તિથી, તપાસો છો એ મહત્ત્વનું છે.

માણસ હંમેશાં પોતાની પર આ છેતરપિંડી લાદે છે. કોઇ અન્ય જણ એ એના પર લાદતું નથી. એ પોતે જ આ કાર્ય કરે છે. પ્રથમ આપણે વંચના ઉત્પન્ન કરીએ છીએ અને પછી આપણે એના ગુલામ બનીએ છીએ. આ લોકમાં અને પરલોકમાં કાંઇ થવાની આ સતત ઇચ્છા એ જ આત્મવંચનાનું મૂળ કારણ છે. આ દુનિયામાં કાંઇક થવાની ઇચ્છાનું પરિણામ શું છે તે આપણે જાણીએ છીએ; સંપૂર્ણ ગૂંચવાડો, એકબીજાની સ્પર્ધા, શાંતિને નામે એકબીજાની કતલ એ એનું પરિણામ છે. આપણે એકબીજા સાથે રમત રમીએ છીએ તે આપણે સારી પેઠે જાણીએ છીએ અને એ જ સાધારણ પ્રકારની આત્મવંચના છે. એવી જ રીતે બીજી દુનિયામાં પણ આપણે સલામતી અને સ્થાન (પદવી) માગી રહ્યા છીએ.

આ રીતે કાંઇક થવાનો, કાંઇક બનવાનો, કાંઇક પ્રાપ્ત કરવાનો, વેગ હોય એટલે તરત જ આત્મવંચના શરૂ થાય છે. આમાંથી મુક્ત થવું મનને માટે ઘણું કઠણ કાર્ય છે. આપણા જીવનનો આ એક મૂળ પ્રશ્ન છે. આ દુનિયામાં જીવવું અને અકિંચન થવું શક્ય છે? આમ થાય ત્યારે જ સઘળી વંચનાથી મુક્ત થવાય છે કારણકે પછી મન કોઇ સંતોષકારક જવાબ શોધતું નથી. મન કોઇ બચાવ શોધતું નથી, કોઇ પણ પ્રકારે અને કોઇ પણ સંબંધમાં પછી જ મન સલામતી શોધતું નથી. મન જ્યારે છેતરપિંડીની શકયતાઓ અને એના ગૂંચવાડા સમજે અને સમજપૂર્વક દરેક પ્રકારનો બચાવ અને દરેક પ્રકારની સલામતી તજી દે એટલે કે મન સંપૂર્ણ રીતે અકિંચન થઇ શકે તો જ આ બની શકે છે. આ શક્ય છે ?

જ્યાં સુધી આપણે કોઇ પણ પ્રકારે આપણી જાતને છેતરી રહ્યા છીએ ત્યાં સુધી પ્રેમ શક્ય જ નથી. મન જ્યાં સુધી ભ્રાંતિ ઉત્પન્ન કરે છે અને ભ્રાંતિમાં જીવે છે ત્યાં સુધી એ સંઘટિત કે સમગ્ર સમજથી વંચિત છે. આપણી એ એક મુસીબત છે. સહકાર કેમ સાધવો એ આપણે જાણતા નથી. એ લક્ષ્ય આપણે બંનેએ ઉત્પન્ન કર્યું છે. એને માટે સાથે મળીને કાર્ય કરવું એટલું જ આપણે જાણીએ છીએ. વિચારથી ઉત્પન્ન કર્યું હોય એવું કોઇ સામાન્ય લક્ષ્ય આપણને ન હોય ત્યારે જ સહકાર થઇ શકે છે. જ્યારે આપણે કાંઇક પણ થવાની વૃત્તિ સેવતા ન હોઇએ ત્યારે જ સહકાર શક્ય છે એ સમજવું મહત્ત્વનું છે. જ્યારે તમે અને હું કાંઇક થવા માગતા હોઇએ ત્યારે માન્યતા અને એનો જ રસાલો તથા મન-કલ્પિત કોઇ આદર્શ જગત, જરૂરનાં થઇ પડે છે. પણ કોઇ પણ આત્મવંચના

વિના, જ્ઞાન અને માન્યતાના કોઇ પણ અંતરાય વિના, સલામતીની ઈચ્છા વિના, જો તમે અને હું અકિંચન થઇને કાર્ય કરતા હોઇએ તો જ સાચો સહકાર સંભવિત છે.

કોઇ પણ લક્ષ્ય રાખ્યા વિના એકત્ર થવું, સહકાર કરવો, આપણે માટે શક્ય છે ? કોઇ પણ પરિણામ સાધવાની ઈચ્છા વિના તમે અને હું સાથે મળીને કાર્ય કરી શકીએ? જો આપણે કોઇ પરિણામ પ્રાપ્ત કરવા માટે સાથે મળીને વિચાર કરીએ. યોજના કરીએ અને એ પરિણામ પ્રાપ્ત કરવા આપણે સાથે કાર્ય કરીએ તો એમાં કઇ ક્રિયા સમાયેલી છે? આપણા વિચારથી, આપણા બૌદ્ધિક મનથી આપણે સંમત થઇએ છીએ પણ વૃત્તિથી આપણું આખું જીવન એને પ્રતિકાર કરતું હોય છે અને એથી વંચના તથા આપણી વચ્ચે ઘર્ષણ પેદા થાય છે. આ આપણા નિત્યજીવનમાં દેખીતી અને જોઇ શકાય એવી બાબત છે. બૌદ્ધિક રીતે તમે અને હું કોઇ એક કાર્ય કરવા સંમત થઇએ છીએ પણ અજાગ્રત મનથી ઊંડાણથી આપણે એકબીજા સાથે વિરોધ કરીએ છીએ. મને મારા સંતોષ પ્રમાણે પરિણામ જોઇએ છે, હું દમન કરવા માગું છું; જો કે તમારી સાથે રહીને કાર્ય કરતો હોઉં એમ કહેવામાં આવે છે છતાં તમારા કરતાં મારું નામ આગળ રહે એમ હું ઈચ્છું છું. આ રીતે એ યોજનાના આપણે બંને જનક હોવા છતાં આપણે અરસપરસ વિરોધ કરીએ છીએ. જોકે એ યોજના સંબંધે ઉપલક દૃષ્ટિએ આપણે સંમતિ દર્શાવીએ છીએ.

જ્યાં તમે અને હું અકિંચન હોઇએ એવી રીતે જગતમાં આપણે રહી શકીએ, ઐક્ય અનુભવી શકીએ, સહકાર સાધી શકીએ, કે કેમ એ જાણવું મહત્ત્વનું નથી? આપણે ઉપલક જ નહિ પણ અંદરથી ખરેખર અને સાચી રીતે સહકાર કરી શકીએ કે કેમ એ જાણવું મહત્ત્વનું નથી? એ જ કદાચ આપણો સૌથી વધારે મહાન પ્રશ્ન છે. હું એક વસ્તુ સાથે એકરૂપ થાઉં, તમે પણ એ જ વસ્તુ સાથે એકરૂપ થાઓ; આપણ બંનેને એમાં રસ છે અને આપણે બંને એને સિદ્ધ કરવા ઈચ્છા રાખીએ છીએ. ખરેખર વિચાર કરવાની આ રીત ઘણી જ છીછરી કહેવાય કારણકે એકરૂપતા વડે આપણે જુદાઇ ઉત્પન્ન કરીએ છીએ અને આપણા જીવનમાં એ જોઇ શકાય છે. તમે હિન્દુ છો, હું કેથલિક છું; આપણે બંને બંધુભાવની વાતો કરીએ છીએ છતાં આપણે એકબીજાનું ગળું કાપવા તૈયાર છીએ. આમ શા માટે? એ જ આપણો એક પ્રશ્ન નથી? અજાગ્રત મનથી અને ઊંડાણથી તમને તમારી માન્યતાઓ હોય છે, મને મારી માન્યતાઓ હોય છે. બંધુભાવની વાતો કરવાથી માન્યતાના આખા પ્રશ્નનો આપણે ઉકેલ આણ્યો નથી પણ આમ જ હોવું જોઇએ એમ સિદ્ધાંતરૂપે અને બુદ્ધિથી આપણે કબૂલ કરીએ છીએ; છતાં અંદરથી અને ઊંડાણથી આપણે એકબીજાની વિરુદ્ધ હોઇએ છીએ.

આ પ્રકારની આત્મવંચના જે આપણને એક પ્રકારનું બળ આપે છે એનો અંતરાય નાબૂદ કરીએ નહિ ત્યાં સુધી તમારી અને મારી વચ્ચે કોઇ સહકાર થઇ શકે નહિ કોઇ ચોક્કસ મંડળ સાથે, કોઇ ચોક્કસ માન્યતા સાથે કોઇ ચોક્કસ દેશ સાથે, એકરૂપ થવાથી આપણે કદી પણ સહકાર સાધી શકીશું નહિ.

માન્યતાથી સહકાર આવતો નથી. બલ્કે માન્યતા જુદાઇ કરાવે છે. એક રાજકીય પક્ષ બીજા પક્ષની વિરુદ્ધ હોય છે એ આપણે જોઇએ છીએ. આર્થિક પ્રશ્નોનું નિરાકરણ કેવી રીતે થઇ શકે એ સંબંધમાં હરેક પક્ષની માન્યતાઓ જુદી હોય છે અને એથી એ સઘળા પક્ષો એકબીજા સાથે તકરારો કરે છે. દૃષ્ટાંત તરીકે, ભૂખમરાના પ્રશ્નનો નિવેડો લાવવામાં તેઓ એક નિર્ણય પર આવ્યા નથી. એમને તો એ પ્રશ્નની કશીય ચિંતા નથી પણ પ્રશ્નનો ઉકેલ છે. માટે જ ઉભય વચ્ચે તકરાર રહેવાની જ કારણકે તેમને પ્રશ્ન નહિ પણ માન્યતાની જ ચિંતા છે. એવી જ રીતે ધાર્મિક માણસો પણ જોકે તેઓ મોઢેથી એમ કહેતા હોય કે સઘળામાં એક જ જીવન છે, સૌનો પ્રભુ એક જ છે, છતાં તેઓ એકબીજાના વિરોધી છે. આ સઘળું તમે જાણો છો. અંદરથી તેમની માન્યતાઓ, તેમના અભિપ્રાયો, તેમના અનુભવો, તેમના સંહાર કરી રહ્યાં છે અને તેમનામાં જુદાઇ ઉત્પન્ન કરી રહ્યાં છે.

આપણા માનવ-સંબંધોમાં અનુભવ એક વિભાજિત કરનારું

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈંડિયા, વસંત વિહાર, ૧૨૪ ગ્રીનવેજ રોડ, ચેન્નઇ ૬૦૦ ૦૨૮.
Email : vvstudy@kfionline.org • Website: http: www.kfionline.org
કૃષ્ણમૂર્તિના વાર્તાલાપ અને સંવાદોની ડીવીડી તમે ઓર્ડર દ્વારા મંગાવી શકો છો. જેની યાદી વેબસાઈટ પર ઉપલબ્ધ છે.
કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, બેંગલુરુ: ધી સ્ટડી વેલી સ્કૂલ કૅમ્પસ,૧૭ કિ.મી. કનકપૂરા રોડ, થાતગુણી પોસ્ટ બેંગલુરુ ૫૬૦૦૬૨.
ટે.નં. (૦૮૦) ૨૮૪૩૫૨૪૩. • Email : kifistudy@gmail.com. • Website : www.kfistudy.org
૦૫-૦૮ જાન્યુઆરી ૨૦૧૭ Exploring Anxiety, Stress & Inner Conflict ૦૯-૧૨ ફેબ્રુઆરી ૨૦૧૭ Silence, Stillness, & Meditation
૦૯-૧૨ માર્ચ ૨૦૧૭ What does 'FEAR' do to you
૦૬-૦૯ એપ્રિલ ૨૦૧૭ Karnataka JK Adhayana Shibra: Understanding Relationship
કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર રાજઘાટ-વારાણસી, કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયા, રાજઘાટ ફોર્ટ વારાણસી ૨૨૧ ૦૦૧
ટેલિફોન નં. (૦૫૪૨) ૨૪૪૧૨૮૯ / ૨૪૪૦૪૫૩. • Email : kcentrevns@gmail.com. • Website : www.j-krishnamurti.org
કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર સહ્યાદ્રિ, પોસ્ટ-તિવઇ હિલ, તાલિકા ખેડ, (રાજગુરુ નગર, જિ. પૂના ૪૧૦૫૧૩, મહારાષ્ટ્ર)
ટે.નં. (૦૨૧૩૫) ૨૮૮૭૭૨, ૨૮૮૩૪૮, ૨૦૩૪૭૫. • Email :kfisahyadri.study@gmail.com • Website : http:/www.kscskfi.com
કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, ઋષિ વેલી, જિ. ચિત્તૂર, આંધ્રપ્રદેશ - ૫૧૭૩૫૨
ટે.નં. (૦૮૫૭૧) ૨૬૦૩૭/૬૮૬૨૨/૬૮૫૮૨. • Email : study@rishivalley.org. • website : http:/www.rishivalley.org.
કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, ઉત્તરકાશી, પોસ્ટ રાનારી, ડુંડા બ્લોક, જિ. ઉત્તરકાશી ૨૪૯૧૫૧
ટે.નં. ૯૪૧૨૪ ૩૬૪૨૯/ ૯૪૧૫૯ ૮૩૬૯૦ • Email : krc.himalay@gmail.com
website : http/www.jkrishnamurtionline.org. (ભારતીય ભાષામાં સંકેત સ્થળ)
કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, કોલકત્તા, કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયા, ૩૦,દેવદાર સ્ટ્રીટ, કોલકત્તા ૭૦૦ ૦૧૯.
ટે.નં. (૦૩૩) ૪૦૦૮૨૩૯૮ • Email: kfikolkata@gmail.com
કૃષ્ણમૂર્તિ અધ્યયન કટક-ઓરિસા કેન્દ્ર, પૂરીઘાટ રોડ, તેલંગા બજાર, કટક ૭૫૩૦૦૯, ઓરિસા
ટે.નં. (૦૬૭૧) ૬૪૧૭૯૯૦ • Email: kficuttackcentre@sify.com • website :www.kficc.org
કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, બદલાપુર: આનંદવિહાર, જે. કૃષ્ણમૂર્તિ સેલ્ફ એજ્યુકેશન સોસાયટી, જાંભિળઘર, રાહાટોલી ગામની નજીક, બદલાપુર(પ્ર). તા. થાણા, પીનકોડ ૪૨૧૫૦૩, મહારાષ્ટ્ર.
ટે.નં. (૦૨૨) ૨૫૦૧૪૦૯૪, ૨૪૨૨૩૧૯૯. • Email: jksesbadlapur@gmail.com • website: www.jkses.org

તત્ત્વ નીવડે છે. અનુભવ એ વંચનાની જ એક રીત છે. જો મને કોઇ અનુભવ થયો હોય તો હું તેને વળગી રહું છું. આ રીતે એ અનુભવ વડે હું આત્મવંચનામાં સપડાઉં છું.

આપણામાંનો દરેક જણ કોઇ ચોક્કસ માન્યતા સાથે, સુખશાંતિ સ્થાપવાની કોઇ ચોક્કસ પદ્ધતિ સાથે, આર્થિક સુવ્યવસ્થાની કોઇ રીત સાથે, એટલો બધો એકરૂપ થયેલો છે અને એનાથી આપણું મન એટલું બધું રંગાયેલું છે કે આપણે પ્રશ્નમાં ઊંડા ઊતરવા અશક્ત બન્યા છીએ એ જ આપણી એક મુસીબત છે. માટે જ આપણે આપણી રીતોનું આપણી માન્યતાઓને અને આપણા અનુભવોને વળગી રહી અન્યથી અળગા રહેવાની જ ઇચ્છા રાખીએ છીએ. ઉપલક ભૂમિકાએ જ નહિ પણ ઊંડાણથી સમજપૂર્વક જ્યાં સુધી આ ઇચ્છાને નાબૂદ ન કરીએ ત્યાં સુધી જગતમાં શાંતિ સ્થપાશે નહિ. માટે જ જેઓને ખરેખર ધગશ છે તેમણે કાંઇક થવાની, પ્રાપ્ત કરવાની, મેળવવાની વૃત્તિનો આખો પ્રશ્ન ફક્ત ઉપલક જ નહિ પણ ઊંડાણથી સમજવો જોઇએ. નહિ તો જગતનાં શાંતિ આણવાનાં સ્વપ્ન અફળ જ રહેશે.

સત્ય કોઇ પ્રાપ્ત કરવાની બાબત નથી જેઓને સંચય કરવાની વૃત્તિ છે અગર જેઓ એની સાથે એકરૂપ થવાનું પસંદ કરે છે તેઓ પ્રેમથી વંચિત જ રહેશે. પણ મન જ્યારે કાંઇ પણ શોધતું અટકે, મન જ્યારે સંપૂર્ણ રીતે શાંત થાય, અને પોતાના અવલંબન માટે કે પોતે સબળ થવા માટે જ્યારે એ કોઇ પણ ગતિ કરતું ન હોય અને કોઇ પણ માન્યતા ઉત્પન્ન કરતું ન હોય - એમ કરવું એ તો આત્મવંચનાનું જ સૂચન છે - ત્યારે જ પ્રેમ પ્રકટ થાય છે. વૃત્તિની આ સઘળી ક્રિયા મન જ્યારે સમજે ત્યારે જ શાંત થાય છે. એવે સમયે જ મન આ થવા કે તે નહિ થવા કાર્ય કરતું હોતું નથી; એવી સ્થિતિમાં જ કોઇ પણ પ્રકારની વંચના અસંભવિત હોય છે.

મુક્ત જીવન

આત્મવંચના માટેનાં ભવ્ય પણ નાદાન ભ્રાંતિ માટેનાં દ્વાર

તેણે શરૂ કર્યું : 'આપ જાણે છો કે હું કોઇ એક ચોક્કસ ગુરુનો શિષ્ય છું એમ મને કહેવામાં આવ્યું છે. હું એવો કોઇ શિષ્ય છું એમ આપ ધારો છો? આપ આ સંબંધમાં શું માનો છો તે જાણવા હું ખરેખર ઇંતેજાર છું. આપ જાણો છો એવા કોઇ મંડળનો હું સભ્ય છું અને બાહ્ય નેતાઓ જે આંતર નેતાના કે પૂર્ણ પુરુષોના પ્રતિનિધિઓ છે તેમણે મને જણાવ્યું છે કે તે મંડળના મારા કાર્ય બદલ મને શિષ્ય બનાવવામાં આવ્યો છે. વળી મને કહેવામાં આવ્યું છે કે આ ભવમાં જ મને પહેલી દીક્ષા મળે એવી તક છે.' આ બધી વાતો એણે ગંભીર રીતે લીધી હતી અને વિસ્તારથી અમે એનું વિવેચન કર્યું.

જોકે કોઇ પણ પ્રકારે બદલો મળે એ અતિશય સંતોષ આપનારી બાબત છે. પણ માણસ જ્યારે દુનિયાની કીર્તિ પ્રત્યે કાંઇક અંશે નિઃસ્પૃહ હોય ત્યારે કહેવાતો આધ્યાત્મિક બદલો ખાસ કરીને સંતોષ આપનારો નીવડે છે. અગર તો માણસ જ્યારે દુનિયામાં ઝાઝો સફળ ન થાય ત્યારે જેને અતિશય ઉન્નત થયેલી આધ્યાત્મિક વ્યક્તિ માનવામાં આવતી હોય એવી કોઇ વ્યક્તિએ પસંદ કરેલા મંડળના સભ્ય થવું ઘણું સંતોષકારક હોય છે. કારણ કે પછી એ માણસ કોઇ મહાન ભાવના માટે કાર્ય કરતી ટોળીના ભાગરૂપ બને છે અને એ તો સ્વાભાવિક છે કે એ કાર્ય માટે એણે જે ભોગ આપ્યા હોય તે બદલ તથા એના આજ્ઞાપાલન બદલ એને બદલો મળવો જોઇએ. એ અર્થમાં એ બદલો હોય અગર તો કોઇ સારી રીતે ચાલતી સંસ્થામાં જેમ થાય છે તેમ માણસને વધારે સારું કાર્ય કરવામાં પ્રોત્સાહન આપવા માટે એની કાર્યદક્ષતાનો સ્વીકાર કરવામાં આવે છે તે અર્થમાં પણ એ બદલો હોય.

દુનિયામાં જ્યાં સફળતા પૂજાય છે ત્યાં આવા પ્રકારની આત્મોન્નતિની ભાવના હોય એ સમજી શકાય છે અને ત્યાં એને ઉત્તેજન અપાય છે. પણ તમે કોઇ પૂર્ણ પુરુષના શિષ્ય છો એમ તમને બીજા તરફથી કહેવામાં આવે અથવા તમે માની લો કે તમે એવા કોઇ શિષ્ય છો એથી તે દેખીતું જ છે કે અનેક નિંદાપાત્ર શોષણ નીપજે છે. દુર્ભાગ્યે શોષક અને શોષિત ઉભય પોતાના પરસ્પરના સંબંધમાં આનંદ માને છે. આ વધતા જતા આત્મસંતોષને આધ્યાત્મિક ઉન્નતિ લેખવામાં આવે છે. વળી જ્યારે ગુરુ અને શિષ્ય વચ્ચે કોઇ મધ્યસ્થ હોય, જ્યારે ગુરુ કોઇ જુદા પ્રદેશમાં હોય અગર તો કોઇ બીજી રીતે તેમની પાસે જઇ શકાય એમ ન હોય અને તમે એમના સીધા સ્થૂળ સંપર્કમાં આવી શકો એમ ન હો ત્યારે તો એ આત્મસંતોષ ખાસ કરીને નિંદ્ય અને નિર્દય બને છે. એમની પાસે ન જઇ શકવાથી અને એમના સીધા સમાગમમાં ન આવી શકવાથી આત્મવંચના માટેનાં તથા ભવ્ય પણ નાદાન ભ્રમ માટેનાં દ્વાર ખુલ્લાં થાય છે અને જેઓ ચતુર છે, જેઓ કીર્તિ અને સત્તાની પાછળ પડેલા છે તેઓ આ ભ્રમનો લાભ લે છે.

વિનમ્રતામાં ઊંચનીચના, ગુરુશિષ્યના ભેદનું ભાન હોતું નથી. જ્યાં સુધી ગુરુ અને શિષ્ય વચ્ચે, સત્ય અને તમારી વચ્ચે જુદાઇ છે ત્યાં સુધી સમજ શક્ય નથી. સત્યની સમજ પ્રાપ્ત થાય તો ગુરુ કે શિષ્ય, ઉન્નત કે અવનત રહે નહિ. વીતેલી ક્ષણના અવશેષ કે બોજા વિના પ્રતિ ક્ષણે જે છે એની સમજ એ જ સત્ય.

ભય અને લાલચ અહંને પ્રબળ બનાવે છે અને એ વિનમ્રતાનો બહિષ્કાર કરે છે. વિનમ્રતાનો આવિર્ભાવ ભવિષ્યમાં નહિ પણ વર્તમાનમાં જ થાય છે. તમે વિનમ્ર બની શકો નહિ. એ થવાની ક્રિયા જ આત્મગૌરવનું સાતત્ય છે. એ આત્મગૌરવ સદ્‌ગુણના પરિશીલનમાં છૂપાયેલું રહે છે. સફળ થવાનો, કંઇક બનવાનો આપણો સંકલ્પ કેટલો પ્રબળ છે! સફળતા અને વિનમ્રતા સાથે સાથે કેવી રીતે વસી શકે? અને છતાંય 'આધ્યાત્મિક' શોષક અને શોષિત એ જ કરી રહ્યા છે અને એમાં જ ઘર્ષણ અને દુઃખ રહેલાં છે.

'આપ એમ કહેવા માંગો છો કે પૂર્ણ પુરુષની (માસ્ટર) હયાતિ નથી હોતી અને હું શિષ્ય છું એ એક ભ્રાંતિ જ છે, એક દંભ છે?' એમણે પૂછ્યું.

પૂર્ણ પુરુષ હયાતિ છે કે નહિ એ મહત્ત્વનું નથી. શોષકને માટે જ, ગુપ્ત મંડળો અને ગુપ્ત શાળાઓ માટે જ, એ મહત્ત્વનું છે. પણ જે માણસ પરમ સુખ આપનાર સત્યને શોધે છે તેને માટે તો એ પ્રશ્ન અસંબધ્ધ છે. ધનિક અને નિર્ધન પણ ગુરુ અને શિષ્ય જેટલા જ મહત્ત્વના છે. મહાત્માઓની હયાતિ છે કે નહિ, દીક્ષિત શિષ્ય વગેરે જેવી શ્રેણીઓ છે કે નહિ એ મહત્ત્વનું નથી પણ તમારે પોતાને સમજવા એ મહત્ત્વનું છે. સ્વજ્ઞાન વિના તમારા વિચાર, તમારા નિર્ણય પાયા વિનાના છે, પ્રથમ તમે પોતાને ઓળખો નહિ તો સત્ય શું છે એ તમે કેવી રીતે જાણી શકશો? સ્વજ્ઞાન ન હોય તો ભ્રાંતિ અનિવાર્ય છે. તમે આ કે ફલાણા છો એમ તમને કહેવામાં આવે અને તમે એને સ્વીકારી લો એ બાલિશતા છે. જે માણસ તમોને આ દુનિયામાં કે પેલી દુનિયામાં બદલો આપવાનું કહેતો હોય એનાથી ચેતતા રહેજો!

જીવન મિમાંસા, ખંડ ૧, પ્ર.૬, શિષ્ય અને ગુરુ

પોતાને ઓળખ્યા વગર દરેક જાતની છેતરપિંડી આવી જાય

કૃ: અવધાન (ધ્યાન, એકાગ્રતા) અને અન્અવધાનમાં (બેધ્યાનપણું) શું ફરક છે? કોઇક વિશિષ્ટ ક્ષેત્રમાં પ્રશિક્ષણ મેળવ્યા પછી, તમે તેની ઉપર ઘણું ધ્યાન આપી શકતા હશો, બાકીના સમયમાં તમે બેધ્યાન હો બરાબરને? આ એક વાસ્તવિક હકીકત છે, એક પ્રાકૃતિક માનવ હકીકત. જો હું કશાકમાં અત્યંત રસ ધરાવીશ, તો હું એની ઉપર ધ્યાન આપીશ, બાકીના સમયમાં હું બેધ્યાન હોઉં છું.

પ્ર: પણ તમે એક કરતાં વધારે વસ્તુઓ ઉપર જુદાં જુદાં સમયે ધ્યાન આપતા હશો. તમારું ધ્યાન અનેક વસ્તુઓ ઉપર હશે.

કૃ: એટલે ધ્યાન આપવું અગત્યનું છે, નહીં કે 'ઘણી વસ્તુઓ ઉપર'

પ્ર: 'ધ્યાન આપવું' જ અગત્યનું છે?

કૃ: હાસ્તો!

પ્ર: તમે શેના ઉપર ધ્યાન આપો છો તેનાં કરતાં?

કૃ: જે ક્ષણે... (અશ્રાવ્ય)

પ્ર: પણ આ સંપૂર્ણ ધ્યાન આપવાની સંકલ્પના..

કૃ: બરાબર સાહેબ આપણે આ સંપૂર્ણ શબ્દને અત્યારે છોડી દઇએ એકાગ્ર એટલે જ સંપૂર્ણ (હસે છે). દરેકે પોતે પોતાને સમજવો પડે છે. સાચું, સાહેબ? એજ ધ્યાનનું મહત્ત્વ છે - સમય, ઇચ્છા, હું-પણાની દરેક વસ્તુ. હું શું છું? જો હું મને પોતાને નહીં ઓળખી શકું તો હું મારી સાથે હમેંશા છેતરપિંડી કરતો હોઇશ. મારા એક મિત્ર હતા. તે ભારતીય છે, અતિશય ભણેલા, ઇંગ્લેંડમાં કેમ્બ્રીજ જઇ આવેલા, ભારતમાં પણ સારી જગ્યા ઉપર હતા, અને પછી તે ન્યાયાધીશ બન્યા. એક સવાર તે ઊઠયા અને વિચાર આવ્યો કે ''આ લોકોની ઉપર મેં ચુકાદાઓ આપ્યા, પણ સત્ શું છે?'' કુટુંબ અને એ બધાંને છોડી, અને 'ચિંતન'ની મદદ વડે સત્ શું છે તેની શોધ કરવાની, ખાસ તો બ્રાહ્મણોમાં વધારે જોવા મળતી એ પરંપરા; (તમને સમજાય છે?) એટલે તે જંગલમાં ગયા. અને એમ પચ્ચીશ વરસ સુધી સત્‌ની શોધ માટે તે ચિંતન કરતાં રહ્યાં. કોઇક તેમને વક્તાના એક સંવાદમાં લઇ આવ્યા અને પાછળથી તે વક્તાને મળવા આવ્યા અને કહ્યું, 'મારી જાતને હું પચ્ચીશ વર્ષથી છેતરી રહ્યો છું.' તમને સમજાય છે સાહેબ? સમજાય છે તમને? એ વ્યક્તિની હિંમત જુઓ. (એટલે) અમે આ વિશે ઘણી વાત કરી. માટે, જો હું પોતેને, સ્વ, અહમ્, વ્યક્તિ, વ્યક્તિત્વ, સમાજની પ્રકૃતિ વગેરેને શું છે તે સમજતો નથી, તો હું બાકી રહેલી આખી જીંદગી આજ ચિંતન કરતો રહીશ અને જાતને છેતરતો રહીશ. સમજાય છે તમને? (તો પછી) ભ્રાંતિના એક મોટા જાળામાં, તેને સત્ય માનીને હું જીવતો હોઉં. માટે જ, મારે મને સમજવો જ પડશે. એટલે, હું મને સમજી શકું, ફ્રોઇડ જેવા માનસશાસ્ત્રી કે એવા અન્ય કોઇના પણ માધ્યમથી નહીં, મારે મને સમજવો જ પડશે. તમને સમજાય છે?

પ્ર: તમે પોતાને છેતરતા નથી એવું ક્યારેય ખાતરીપૂર્વક ન કહી શકાય.

કૃ: હું તમને બતાવું છું સાહેબ. એક વસ્તુ, બરાબર, કે મને મારે ઓળખવો જ જોઇએ, કોઇ ફિલસૂફી પ્રમાણે નહીં, કોઇ વૈજ્ઞાનિક પ્રમાણે નહીં કે કોઇ માનસશાસ્ત્રી પ્રમાણે વગેરે કોઇ વ્યવસ્થા પ્રમાણે નહીં. (જો કોઇ વ્યવસ્થાના માધ્યમ દ્વારા હું મને સમજું તો) હું વ્યવસ્થાને સમજી રહ્યો છું, મને નહીં. બન્નેમાં રહેલ ભેદ જુઓ હવે, કોઇ છેતરપિંડી વગર કેવી રીતે મને સમજી શકું? નહીંતર હું ખોટી ચાલ ચાલ્યો એમ કહેવાય, એના અંતમાં તો હું મને છેતરું જ છું. માટે, મને જ પૂર્ણપણે સમજવાનું હું કેવી રીતે શીખી શકું, કે જેથી, છેતરપિંડીનો કોઇ પડછાયો પણ ન પડે? સ્વ વિશે કોઇ ભ્રમ ન ઉત્પન્ન થાય? શું આ સમજાય છે? હું આગળ વધું? મહેરબાની કરીને, આ એક સંવાદ છે, હું ફક્ત..

પ્ર: જે લાગણીઓ હોય તેમને તમે શું કરો?

કૃ: લાગણી વિચારનો એક ભાગ છે. નથી? હું લાગણીઓને ઓળખું છું. થોડાક સમય માટે એને છોડો, સાહેબ

પ્ર: સાહેબ, શું આપણે 'પોતાને સમજવા'ના મુદ્દા રૂપે ધ્યાન પર પાછા ફર્યા?

કૃ: ના, હું તમને બતાવું છું. તમે બહુ ઝડપ કરો છો. મારે, પોતાને સમજવો છે. અને, એટલી ઉત્તમ રીતે મારે પોતાને સમજવો પડશે, જેથી નામ પૂરતી જરા પણ છેતરપિંડીને અવકાશ ન હોય- વિપુલ અખંડિતતા અને પ્રમાણિકતા હોય. બરાબર? નહીંતર કોઇ અર્થ જ નથી. શું તમે આ બાબતમાં સહમત થાઓ છો? પ્રમાણિકતા અને અખંડિતતા. તો પછી હું કેવી રીતે... હું પૂરેપુરું સમજું છું કે પ્રમાણિકતા, અખંડિતતા અને નાસ્કિતા હોવી ઘટે. ખ્રિસ્તી જગતમાં - સંપૂર્ણ ખ્રિસ્તી ધર્મ, બાઇબલ, તારણહાર વગેરે બાબતો પર આધારિત છે - અને ખ્રિસ્તીધર્મ શંકાને પરવાનગી નથી આપતો બરાબર? ધાર્મિક ખ્રિસ્તીમાં કોઇ શંકા, કોઇ નાસ્તિકતાને સ્થાન નથી. જો કોઇ શંકા આવી, નાસ્તિકતા આવી તો બધું તૂટી પડશે. જ્યારે અમે ઇટાલીમાં હતા- હું થોડી ઘણી ઇટાલી ભાષા જાણું છું - અને મેં પોપને કહેતાં સાંભળ્યાં - તે ઉપદેશ કે એવું કાંઇક આપી રહ્યા હતા, અને કહ્યું, ''તમારામાં હજી વધારે શ્રધ્ધા હોવી ઘટે'' અને મારી બાજુમાં બેઠેલ મારા મિત્રે કહ્યું, ''જુઓ આ લોકો આવું કરી રહ્યા છે, કોઇપણ જાતની આશંકાને દૂર કરવા શ્રધ્ધાની કેળવણી''. એટલે જ, વિપુલ માત્રામાં પ્રમાણિકતા અને ભારે અખંડિતતા જોઇએ, જે ખરેખર મુશ્કેલ છે સાહેબ.

પ્ર: ખ્રિસ્તીમાં શ્રધ્ધાનો બીજો અર્થ થાય વિશ્વાસ, એમાં પૂછપરછનો બાધ નથી, પણ વિશ્વાસ રાખવાની વાત છે.

પ્ર: બીજી વાત છે દૃઢ વિશ્વાસ હોવો તે, એવું તે કહે છે.

કૃ: વિશ્વાસ? વિશ્વાસ કોનામાં? બાઇબલમાં? તમે કોનો વિશ્વાસ કરો? તમારી પત્નીનો વિશ્વાસ કરો, તમારા પતિનો વિશ્વાસ કરો, તમારા અધ્યક્ષનો વિશ્વાસ કરો? શા માટે વિશ્વાસ કરો? વિશ્વાસ કરવો એનો અર્થ શું? જો કોઇ સંદેહ હોય તો તમે પૂછપરછ કરો છો, તમે સવાલ કરો છો, તમે જવાબ માંગો છો.

પ્ર: પણ તમને વિશ્વાસ હોય, તે છતાં તમે ભગવાનના સ્વરૂપને વિશે ઊંડી તપાસ કરી શકો.

કૃ: સાહેબ, વિશ્વાસ એટલે શું? હું વિશ્વાસ રાખું - જો મને પત્ની હોય તો - હું તેને પ્રેમ કરું તેથી તેના ઉપર વિશ્વાસ રાખું. મને ખબર છે કે તે મારું ખરાબ નહીં જ કરે અને હું પણ તેનું કાંઇ ખરાબ નહીં કરું, કારણકે હું તેને પ્રેમ કરું છું. જ્યાં પ્રેમ હોય ત્યાં વિશ્વાસ હોય. તમે ફક્ત વિશ્વાસ માટે જ વિશ્વાસ ન કરો, પ્રેમ હોય જ. મહેરબાની કરીને અહીં પાછા ફરીએ.

માટે, મારે પોતાને જાણવો જ પડે. પોતાને જાણ્યા વગર દરેક જાતની છેતરપિંડી આવી જાય. સાચું સાહેબ? તમે તેની સાથે સહમત થાઓ છો. પ્રામાણિકતા, અખંડિતતા, નાસ્તિકતા અને શંકા અને એ શંકાને તમારે કૂતરાના ગળામાં પહેરાવેલ સાંકળની જેમ રાખવી

જોઇએ. વચ્ચે વચ્ચે કૂતરાને સાંકળમાંથી છૂટો કરવો જોઇએ, જેથી તે દોડી શકે. પણ જો તમે આખો વખત તેને બાંધેલો જ રાખો, તે ક્યારેય મુક્ત ન હોય, તેનામાં શક્તિ નથી રહેતી. તે 'કૂતરો' જ નથી રહેતો એટલે, આપણામાં આ ગુણ તો હોવો જ જોઇએ. બરાબર? હવે પોતાને સમજવું કઇ રીતે? એ ધ્યાન-ચિંતનનું ભાગ છે. સમજાય છે તમને? હું આસપાસના પરીસર, મારી પત્ની, મારા પિતા વગેરેના સંદર્ભમાં જ પોતાને સમજી શકું. મારા સંબંધોમાં જ મને મારી પ્રતિક્રિયા જોવા મળે. બરાબર સાહેબ? આપણે એકબીજાને સમજી રહ્યા છીએ? આટલા સુધી બધું બરાબર છે? શું તમને મંજૂર છે? (હસે છે...) કારણકે, સંબંધો વગર મારું અસ્તિત્વ નથી, મારું અસ્તિત્વ જ ન હોય, હું એકાદ આશ્રમમાં જઇ એકલતામાં ચાલ્યો જાઉં, તો પણ હું ભૂતકાળના કે જીસસની સંકલ્પના ... વગેરેને સંબંધિત તો હોઉં જ, એટલે કે હું હમેંશા કશાક સાથે સંબંધિત હોએં જ. બરાબર? એ સંબંધોમાં હું જેવો હોવો જોઉં તેવો નહીં પણ ખરેખર જેવો છું તેવો જ પોતાને નિહાળી શકું છું.

લોસ એલોમોસમાં શાસ્ત્રજ્ઞો સાથે સંવાદ, માર્ચ ૧૯૮૪

'મારું' માલિકી છે...

સંન્યાસ લઇ લેવો, પોતાનું બલિદાન દેવું એ કાંઇ મહાન કાર્ય નથી, તે વખાણ કરવાની કે અનુકરણ કરવાની વાત નથી. આપણે માલિકી ધરાવીએ છીએ કારણ કે માલિકી વગર આપણે કાંઇ નથી. માલિકી ઘણા પ્રકારની છે અને તેમાં વિવિધતા પણ ઘણી છે. જે વ્યક્તિ ધન-સંપત્તિ જેવી ભૌતિક વસ્તુઓની માલિકી ન ધરાવતી હોય તે પોતાનાં જ્ઞાન ઉપર કે પોતાની વિચારસરણી ઉપર માલિકી ધરાવતી હોય છે; તો કોઇ વળી સદગુણને, કોઇ અનુભવને, બીજી કોઇ વ્યક્તિ નામ અને પ્રશંસાને વગેરે વગેરેને વળગેલી રહે છે. માલિકી ધરાવ્યા વગર 'મારું' જેવા અહમનું અસ્તિત્વ નથી; 'મારું માલિકી છે, ફર્નીચર છે, સદગુણ છે, નામ છે અને તેમાં 'ન હોવાનો' ભય છે. મન નામને, ફર્નિચરને, કિંમતને વળગેલું છે; અને જો મન તેને વધારે ઉપરના સ્તરે છોડી દે કે ખંખેરી નાખે તો તે વધારે સંતોષ આપે અને વધારે કાયમી સ્વરૂપનું બને. અનિશ્ચિતતાનો ભય, ન હોવાનો ભય વળગી રહેવાને અને માલિકી ધરાવવાને પ્રેરે છે. જ્યારે માલિકી અસંતોષકારક અથવા પીડાદાયક બને ત્યારે આપણે વધારે આનંદ મેળવવા માટે તેનો ત્યાગ કરીએ છીએ. સહુથી વધારે સંતોષ આપતી માલિકી 'ઇશ્વર' શબ્દની છે અથવા વિકલ્પે તે પરમ અવસ્થાની છે.

...તમે કાંઇ નથી એ હકીકત છે. જ્યાં સુધી તમે એ વાત સ્વીકારશો નહીં ત્યાં સુધી તમે અનિવાર્યપણે દુઃખ અને દુશ્મનાવટને ફેલાવતા રહેશો. કાંઇ ન હોવાની ઇચ્છા એ બાહ્યપણે કે આંતરિકપણે ત્યાગ કરવાની કે પરાણે - અનિચ્છાએ - કરવાની બાબત નથી, તે તો 'જે છે' તેનું સત્ય જોવા-સમજવાની બાબત છે. 'જે છે' તેના સત્યને જોવાથી અસલામતીના ભયમાંથી મુક્તિ મળે છે. એ ભયમાંથી મુક્તિ મળે છે કે જે ભય આસક્તિ પેદા કરે છે અને સંન્યાસ લઇ લેવાની ભ્રાંતિ તરફ વાળે છે, 'જે છે' તેના પ્રત્યેનો પ્રેમ શાણપણની શરૂઆત છે. એકમાત્ર પ્રેમમાં જ ભાગીદારી હોય છે, માત્ર તે જ સહભાગી બનાવી શકે; પરંતુ સંન્યાસ લઇ લેવો અને પોતાનું બલિદાન દેવું એ તો એકાકીપણામાં અને ભ્રાંતિમાં સરી પડવાની રીતો છે.

જીવન નુ પુસ્તક, ૬ માર્ચ

બનવાની બધી ઇચ્છા વિનાશ છે

મનમાં એક વિચાર છે, કદાચ તે મનગમતો વિચાર છે. તે તમારા મનની ઇચ્છાની રજૂઆત છે અને તમે તમારા એ વિચાર મુજબના માગો છો. તમે 'આ' છો અને તમને એ હોવું નથી ગમતું તેથી તમે તે બનવા ઇચ્છો છો. કારણ કે તમને તે બનવું ગમે છે. આવો બનવાનો જે આદર્શ છે તે મનનો વિચાર જ છે. આ વિરોધ 'જે છે' તેનો વિસ્તાર છે. ખરેખર તો તે વિરોધી બાબત છે જ નહીં, પરંતુ 'જે છે' તેનું સાતત્ય છે, કદાચ તેનું જ સુધારેલું સ્વરૂપ છે. આ વિચાર તમે જ ઇચ્છેલો છે. એ વિરોધ વિચાર દ્વારા કરવામાં આવતા વિસ્તાર સામેનો સંઘર્ષ છે.. તમે 'કાંઇક' બનવા માટે સંઘર્ષ કરી રહ્યા છો, અને એ 'કાંઇક' તમારો ખુદનો અંશ છે. એ 'આદર્શ' પણ તમારો જ વિચાર છે. એ જુઓ કે મન પોતાની સાથે જ કેવો ખેલ ખેલી રહ્યું છે. તમે શબ્દો પાછળ જ સંઘર્ષ કર્યા કરો છો, તમારા પોતાનાં વિચારોની પાછળ ભટકો છો, એ તમારો જ પડછાયો છે. તમે હિંસક છો, અને તમે અહિંસક બનવાના આદર્શ માટે સંઘર્ષ કરો છો, ઝઝૂમો છો. પરંતુ એ આદર્શ તો 'જે છે' તેના વિશેનો મનનો વિચાર છે, કેવળ તેનું નામ બીજું છે.

જ્યારે તમે મનની આ યુક્તિથી સભાન છો અને જે ખેલ તમે તમારી સાથે જ ખેલો છો ત્યારે જે ખોટું છે તે તમને ખોટા તરીકે દેખાય છે. ભ્રામક ખ્યાલ સાથેનો આ સંઘર્ષ વિનાશક પરિબળ છે. બધો જ વિરોધ, બનવાની બધી જ ઇચ્છા તમારો વિનાશ કરે છે, તે વિયોજન છે. જ્યારે મન પોતાની સાથે જે યુક્તિ અજમાવે છે તે યુક્તિ વિશે મન સ્વયં સભાન હોય ત્યારે માત્ર 'જે છે' તે જ રહે છે. જ્યારે મન પોતાની બનવાની બધી જ ઇચ્છા, બધા જ આદર્શો, બધી જ સરખામણીઓ, બધું જ વખોડવાનું ખંખેરી નાખે, જ્યારે તેનું પોતાનું આ બંધારણ પડી ભાંગે, ત્યારે 'જે છે' તેનું સંપૂર્ણપણે રૂપાંતર થઇ જાય છે. જ્યાં સુધી આ 'જે છે' તેને બીજું નામ આપવાનું ચાલું રહે ત્યાં સુધી મન અને 'જે છે' તેની વચ્ચે સંબધ રહે છે. પરંતુ જ્યારે આ સ્મૃતિ જેવી, મનના માળખા જેવી નામ આપવાની ક્રિયા જ ન રહે ત્યારે 'જે છે' તે નહીં રહે. આ રૂપાંતરમાં જ પૂર્ણતા છે, સંયોજન છે.

જીવન નુ પુસ્તક, ૨ ફેબ્રુઆરી

વિવિધ સ્વરૂપોમાં જ્ઞાતનું અનુસરણ કરવું એ સ્વ-વંચનાની રમત છે

ધ્યાન એ જીવનમાં ખૂબ અગત્યની ક્રિયા છે. એ એવી ક્રિયા છે જેનું સૌથી મોટું અને સૌથી ઊંડું મહત્વ છે. એ એક સુગન્ધ છે, જે સરળતાથી ગ્રહણ થઇ શકતી નથી. અભીપ્સા અને મહાવરાથી તેને ખરીદી શકાતી નથી. પધ્ધતિ માત્ર તાબે કરે છે અને ફળ આવે છે. અને પધ્ધતિ યા રીત એ ઇર્ષા અને લોભ પર આધારિત છે.

ધ્યાન કરવા માટે સક્ષમ ન હોવું એ સૂર્યપ્રકાશ, કાળા પડછાયા, ચળકતાં પાણી અને કોમળ પર્ણને જોવા માટે સક્ષમ ન હોવા જેવું છે. પરન્તુ બહુ ઓછા લોકો આ બધી વસ્તુઓને કેવી રીતે જુએ છે! ધ્યાનને કશું યે આપવાનું નથી. હાથ જોડીને ભીખ માગતા તમે ન આવો. તે તમને કોઇ વેદનામાંથી બચાવવાનું યે નથી. તે વસ્તુઓને અતિશય સ્પષ્ટ અને સાદી કરે છે. પરન્તુ આ સાદાઇને જોવા માટે, ચિત્તે પોતાની જાતને મુક્ત કરવી જોઇએ. અને કારણ તથા હેતુ વિનાના થવું જોઇએ. કારણ અને હેતુ દ્વારા સંચિત કરેલી તમામ

(પાના નં. ૧૨ પર...

અંતરમેળ

આવી ઉપાસના એ આત્મપ્રવંચનાનું સ્વરૂપ છે

ભક્ત એ ભક્તિની વસ્તુ છે. બીજાને ભજવા એ પોતાની જાતને ભજવાની બાબત છે. પ્રતિરૂપ, પ્રતીક એ પોતાની જાતનાં જ પ્રતિબિંબ છે. છેવટે તો તમારી મૂર્તિ, તમારો ગ્રન્થ અને તમારી પ્રાર્થના એ તમારી પાર્શ્વભૂમિકાનું પ્રતિબિંબ છે, જો કે એ બીજાએ બનાવેલું હોય છે છતાં યે, તે તમારું સર્જન છે, તમારા સંતોષ પ્રમાણે તમે પસંદગી કરો છો. તમારી પસંદગી એ તમારો પૂર્વગ્રહ છે. તમારું પ્રતિરૂપ એ તમારી નશીલી વસ્તુ છે. અને એ તમારી પોતાની સ્મૃતિમાંથી કોતરાયેલી છે. તમારા પોતાના વિચારે સર્જેલા પ્રતિરૂપ દ્વારા તમે તમારી પોતાની જાતને ભજો છો. તમારા મનના મંત્રોચ્ચાર દ્વારા અવરિત એવી તમારી જાત પ્રત્યેનો પ્રેમ એ જ તમારી ઉપાસના છે. મિત્ર એ તમે પોતે જ છો. એ તમારા મનનું પ્રતિબિંબ છે. આવી ઉપાસના એ આત્મપ્રવંચનાનું સ્વરૂપ છે. જે ગમગીની અને અલગતા પ્રત્યે દોરે છે, જે મૃત્યુ છે.

શું શોધ એ ઉપાસના છે? કોઇ વસ્તુની પાછળ શોધ કરવી એ શોધ નથી. સત્યને ઝંખવું એ એને શોધવાની બાબત નથી. શોધ દ્વારા આપણે આપણી જાતથી ભાગી છૂટીએ છીએ, જે ભ્રમ છે. આપણે જે છીએ તેમાંથી ઉડ્ડયન કરવા માટે, આપણે દરેક રીતે મથીએ છીએ. આપણી જાતમાં જ આપણે એટલા બધા અલ્પ અને નહીંવત જેવા છીએ. અને કોઇ પણ વસ્તુની ભક્તિ એ આપણી જાત કરતાં ઘણી વધારે મોટી હોવી એ આપણી જેમ જ અલ્પ અને મૂર્ખતાપૂર્ણ છે. મહત્ સાથે એકરૂપતા એ હજી યે લઘુનું પ્રતિબિંબ છે. વધુ એ ઓછાનું વિસ્તરણ છે. મોટાની શોધમાં નાનું એ જ જે છે તેને શોધવા સક્ષમ છે. ભાગવાની વૃત્તિવાળું મન એ છેવટે ભયભીત, સંકીર્ણ અને અજ્ઞાન છે.

ભાગવા વિશેની સમજણ એ જ યથાર્થમાંથી મુક્તિ છે. જ્યારે મન ઉત્તરની શોધમાં લેશ હોતું નથી ત્યારે જ યથાર્થ સમજી શકાય છે. ઉત્તર માટેની શોધ એ યથાર્થમાંથી ભાગવાની બાબત છે. આ શોધને વિવિધ નામોથી દર્શાવાય છે, જેમાં એક છે ઉપાસના. પરંતુ યથાર્થને સમજવા માટે, મન શાન્ત થવું જોઇએ.

જીવનમિમાંસા, ખંડ ૨, પ્ર. ૧૦

કૃષ્ણમૂર્તિના વિષયોની જાણકારી માટે નીચેની વેબસાઇટ્સ જુઓ:

www.jkrishnamurti.org
www.kfionline.org
www.rishivalley.org
www.j-krishnamurti.org
www.kfistudy.org
www.kscskfi.com
www.jkrishnamurtionline.org
www.kfa.org
www.kfoundation.org
www.kinfonet.org

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયા કેન્દ્ર, હિંમત નિવાસ, મલબાર હિલમાં છે. અહીં કૃષ્ણજીના બધાં પુસ્તકો, ડીવીડી ઉપલબ્ધ છે. બાલ આનંદ-બાલ વિકાસ કેન્દ્ર, મુંબઇ સ્થિત આ કેન્દ્ર સાથે સંલગ્ન છે.

કેન્દ્ર તરફથી વખતો વખત કૃષ્ણમૂર્તિના શિક્ષણના અનુસંધાનમાં જીવનનો ગહનતાપૂર્વક અભ્યાસ કરનાર વિચારવંતોના પ્રવચનનું આયોજન કરવામાં આવે છે. દર શનિવારે અને રવિવારે કૃષ્ણજીના વાર્તાલાપો અને સંવાદોની વિડિયોનો કાર્યક્રમ રાખવામાં આવે છે. તેમજ દર ગુરુવારે સમૂહ વાર્તાલાપનું આયોજન રાખવામાં આવે છે.

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયા
વસંત વિહાર, ૧૨૪, ગ્રીનવેજ રોડ,
ચેન્નઇ ૬૦૦ ૦૨૮.
દૂરધ્વનિ: (૦૪૪)૨૪૯૩ ૭૮૦૩/૭૫૯૬
Email : kfihq@md2.vsnl.net.in
Website : www.kfionline.org
સંપર્ક : કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયા
બોમ્બે એક્ઝીક્યુટીવ કમિટી, હિંમત નિવાસ,
૩૧, ડુંગરસી રોડ, મલબાર હિલ,
મુંબઇ - ૪૦૦૦૦૬
દૂરધ્વનિ : ૨૩૬૩૩૮૫૬
ઈમેલ : kfimumbai@gmail.com

અંતરમેળ આ વૃત્તપત્રિકા દર ચાર મહિને પ્રસિધ્ધ થતી પત્રિકા છે. કૃષ્ણજીના શિક્ષણના અભ્યાસ કરવા ઇચ્છતી વ્યક્તિ માટે કૃષ્ણજીના સાહિત્યનો ગુજરાતી અનુવાદ, તેમના શિક્ષણને લગત લેખ, સંસ્થાના કાર્યક્રમ તેમજ અભ્યાસ કેન્દ્રની અને પુસ્તકો વગેરેની માહિતી આ પત્રિકામાં પ્રકાશિત કરવામાં આવે છે. આપને આ પત્રિકા આપના સરનામે મળે એવી ઇચ્છા હોય તો અમારા મુંબઇ કેન્દ્રના સરનામા પર પત્ર દ્વારા કે ઈમેલ દ્વારા ખબર કરવી. કૃપા કરી તમારું સંપૂર્ણ નામ, સરનામું, ફોન નંબર અને ઇમેઇલ જો હોય તો તે અમને જણાવશો.

...પાના નં. ૧૧ થી આગળ)

વિવિધ સ્વરૂપોમાં જ્ઞાતનું...

વસ્તુઓમાંથી તેણે મુક્ત થવું જોઇએ. ધ્યાનમાં આ આખો મુદ્દો છે. ધ્યાન એ જ્ઞાતનું વિરેચન, જુલાબ છે. વિવિધ સ્વરૂપોમાં જ્ઞાતનું અનુસરણ કરવું એ સ્વ-વંચનાની રમત છે. અને પછી તો ધ્યાન એ સ્વામી છે. ત્યાં ધ્યાનની સાદી ક્રિયા યે રહેતી નથી. માત્ર જ્ઞાતના ક્ષેત્રમાં ધ્યાનકર્તા ક્રિયા કરે છે, અજ્ઞાતને થવા માટે, તેણે બન્ધ થવું જોઇએ. અજ્ઞેય તમને આમંત્રિત કરતું નથી, અને તમે તેને આમંત્રિત કરી શકતા નથી, પવનની પેઠે, એ આવે છે અને જાય છે. તમે એને પકડી શકો નહિ. અને તમારા લાભ અને ઉપયોગ માટે, તમે તેને સંચિત કરી શકો નહિ. તેને ઉપયોગિતાવાદી મૂલ્ય નથી; પરન્તુ તેના સિવાય જીવન માપવિના, સંપૂર્ણપણે ખાલી છે.

જીવનમિમાંસા, ખંડ ૨, પ્ર. ૫૨

Published in January, May, September

Periodical

Registered with The Registrar of Newspapers for India under No. MAHGUJ/2008/25168

If undelivered please return to :
Krishnamurti Foundation India
Mumbai Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road,
Malabar Hill, Mumbai - 400 006.
Tel.: (022) 2363 3856 Email : kfimumbai@gmail.com
Websites : www.kfionline.org, www.jkrishnamurti.org

Published by P.V. Dabholkar on behalf of Krishnamurti Foundation India, Bombay Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road, Malabar Hill, Mumbai-400 006. Printed by S.V. Limaye at India Printing Works, 42, G.D. Ambekar Marg, Wadala, Mumbai - 400 031. E-mail : ipw@vsnl.net • Editor : Vasanti Padte
Designed by Eurythmic Designs. E-mail : info@Eurythmicdesigns.com

ક્યા ક્યા